Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૧૧ • તા. ૧૨ માર્ચ ૨૦૧૮ થી ૧૮ માર્ચ ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

## આત્મબળ અને હિમતથી પરિસ્થિતિને હરાવતો લડવૈયો પ્રિયાંક નાગડા

**જ્યારે તમે હતાશ થઈ જાઓ, બધું ગુમાવી દો, નિરાશ થઈ જાઓ ત્યારે. આપણી જ્ઞાતિના ખીમરવંતા યુવક પ્રિયાંક જયંતિલાલ દામજી નાગડા (તેરા) ગાંધીધામવાળાનું આ વાક્ય તમારામાં હિમતનો સંચાર કરશે...**

**'હિમ્મત તબ નહીં દિખાઈ જાતી જબ દિખાના આસાન હો, હિમ્મત તો તબ દિખાઈ જાતી હૈ જબ પરિસ્થિતિયાં તુમ્હારે ખિલાફ હો'.**



પ્રિયાંકે તેના જીવનમાં ઘણી પડકારજનક સ્થિતિનો સામનો કર્યો છે અને પોતાના આત્મબળના સહારે તેમાંથી બહાર નીકળ્યો છે. ઇ.સ. ૨૦૦૧ના કચ્છના ભૂંકપમાં તેના માતાપિતાએ બધુંજ ગુમાવ્યુ અને પુના સ્થળાંતર કર્યુ. તે સમયે પ્રિયાંકે આગળના અભ્યાસ માટે શ્રી વિરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ મુંબઈમાં પ્રવેશ મેળવ્યો. ૪ વર્ષ સુધી રામજી આશર વિદ્યાલય - ઘાટકોપરમાં અભ્યાસ કર્યો. ૨૦૦૪માં શાળાનો અભ્યાસ પૂર્ણ કરી વધુ અભ્યાસ માટે કચ્છ પાછો ફર્યો.

કોમર્સ ગ્રેજ્યુએટ થયા પછી પ્રિયાંકે શીપીંગ કંપનીમાં નોકરીની શરૂઆત કરી. ૧ ઑક્ટોબર ૨૦૧૪ના તે જ્યારે મોટરબાઈક ઉપર ઑફિસ જઇ રહ્યો હતો ત્યારે મોટો અકસ્માત સર્જાયો. અન્ય બાઈક સાથે અથડાઇને તેની બાઈક ટ્રેઇલરેની અડફેટમાં આવી ગઇ. ૩૨ ટન પત્થર લઈ જઇ રહેલા ટ્રેલરની અડફેટમાં આવી ગઇ. પ્રિયાંકે મોતને પોતાની સન્મુખ જોયું અને ટ્રેલર નીચે આવવાથી બચવા મરણિયો પ્રયાસ કર્યો. જાન તો બચી પણ એના બન્ને પગ ટ્રેલર નીચે કચડાઈ ગયા. પ્રિયાંક વેદનાથી કણસતો રહ્યો. આસપાસ ૧૦૦-૧૫૦ માણસોનું ટોળું જમાં થયું હતું. કોઈક મોબાઈલથી ફોટા પાડી રહ્યું હતું તો કોઈક જોઇ રહ્યું હતું પણ મદદ કરવા કોઈ આગળ ન આવ્યું. એક રીક્ષા ડ્રાઈવર (છકડો) એની મદદે આવ્યો અને પ્રિયાંકને હોસ્પિટલ લઈ ગયો.

'મેં મારા મસલ્ય ગુમાવ્યા હતા પણ આત્મબળ નહિં' એમ જણાવતા પ્રિયાંકના આત્મબળથી તેને પરિસ્થિતિ સાથે લડવા મદદ મળી. પોતાના માતા-પિતા, મામા ડૉ. મધુકર ધરમશી (સ્ટર્લિંગ હોસ્પિટલ-ગાંધીધામ) અને ડૉ. ગીરીશ અમલાની (રાજકોટ)ની સહાયતાથી તેના જીવનમાં નવા પ્રકરણનો આરંભ થયો. પ્રિયાંકે પ્રકાશ સમીક્ષાને જણાવ્યું કે તે પોતાના જીવનના વેદનાપુર્ણ ૯ મહિનાને ક્યારેય ભુલી નહિં શકે. અનેક ઓપરેશન, મેડીકલ ટ્રીટમેન્ટ, આત્મબળ, માતા-પિતાનો સાથ અને કે.ડી.ઓ. જ્ઞાતિની શુભકામનાઓથી તે બચી શક્યો અને અમુક અંશે પગ બચી શક્યા. આ અંધકારભર્યા સમય દરમ્યાન તે અનેક વખત નિરાશ થઈ ગયો હતો પરંતુ હમેશા આત્મબળના સહારે નકારાત્મકતામાંથી બહાર આવ્યો.

નવ મહિનાની લાંબી સારવાર પછી બીજા અઢાર મહિના સુધી આરામની સલાહ આપવામાં આવી હતી છતા પણ પ્રિયાંકે કામ પર જવાનું શરૂ કર્યું. ત્રીજા માળે આવેલી ઓફિસમાં દાદરા ચઢવા માટે તેણે પોતાના હાથોનો પણ ઉપયોગ કર્યો. તેની આવી હિમત અને આત્મબળ તેને જીવનમાં સ્વસ્થ થવા મદદરૂપ બન્યા.

શાળાના સમયથી જ પ્રિયાંક રમતમગત, કરાટેમાં રસ ધરાવતો હતો. આઠ વર્ષથી બેડમીંટન રમતો હતો. ઇ.સ. ૨૦૧૪ના એક્સીડેન્ટ પછી ૨૦૧૬માં ફરી પાછો બેડમીંટન રમવાનું નક્કી કર્યુ. તેના માતુશ્રી મૃદુલાબેન નાગડા, પિતાશ્રી જયંતિલાલ નાગડા, ડૉ. ગિરીશ અમલાની, કે.ડી.ઓ. જ્ઞાતિજનો અને મિત્રોના પ્રોત્સાહનથી તેણે પેરા (દિવ્યાંગ વ્યક્તિઓ માટે) બેડમીંટન ટૂર્નામિન્ટમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેણે નેશનલ લેવલે પેરા બેડમીંટન ટૂર્નામિન્ટમાં બેંગ્લોર, જયપુર અને લખનૌ ખાતે ભાગ લીધો છે. આગામી એપ્રિલ ૨૦૧૮માં પ્રિયાંક ઇન્ટરનેશનલ લેવલની પેરા બેડમીંટન ટૂર્નામિન્ટમાં ભાગ લેવા દુબઈ જશે. પ્રિયાંકની હિમતને દાદ દેવી ઘટે. આટલેથી અટકે તો પ્રિયાંક શાનો !! શ્વાસ રોકીને વાંચો.... આ મહિને તે પાલિતાણા જઇને ૩૨૦૦ પગથિયા ચઢી આદિનાથ દાદાના દર્શન કરી આવ્યો. પ્રકાશ સમીક્ષા તરફથી પ્રિયાંકને ઇન્ટરનેશનલ ટૂર્નામિન્ટમાં સફળતા માટે શુભકામનાઓ.

- CA હિરાચંદ દામજી દંડ, મંજલ રેલડીયા
E-mail: hirachanddand@gmail.com

## સ્વારત્નને વંદના...



### પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.

અમારા ગામ દીપિકા હતા.....
શાસનના સાચા અણગાર હતા....
અચલગચ્છના શણગાર હતા....
પોતાના ધ્યાન-સ્વાધ્યાયમાં મસ્ત હતા....
પ્રેમ વાત્સલ્યના ભંડાર હતા....
સ્વ-પર કલ્યાણ સાધક હતા....

એવા

સમતા મૂર્તિ પ.પૂ. સાધ્વીજી
શ્રી ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ને કોટિ કોટિ વંદના
આપનો આત્મા શીઘ્ર શાશ્વત પદને પામે
એજ પ્રભુ પ્રાર્થના

લી.

**માતુશ્રી કુંવરબાઈ આશારીયા લોડાયા પરિવાર**
**માતુશ્રી રતનબાઈ મેગજી લોડાયા પરિવાર**
**માતુશ્રી ચંદનબાઈ પદમશી લોડાયા પરિવાર**
**માતુશ્રી રતનબેન દામજી ભઠારા પરિવાર**
**માતુશ્રી રાજબાઈ મુલજી મૈશેરી પરિવાર**
**માતુશ્રી તારાબાઈ દેવજી મોતા પરિવાર**
**માતુશ્રી લીલાવંતીબેન ખેતશી ખોના પરિવાર**
**માતુશ્રી મધુરી વિજય નાગડા પરિવાર**
**માતુશ્રી તરલા કુલીનકાંત ખોના પરિવાર**
**માતુશ્રી પ્રવીણા સુરેશ નાગડા પરિવાર**
**માતુશ્રી નિર્મલા ચંદ્રકાંત પોલડીયા**
**માતુશ્રી ગીતા પ્રફુલ ધુલ્લા પરિવાર**
**માતુશ્રી મીના મુકેશ લોડાયા પરિવાર**

## સ્વ. શ્રી શીવજીભાઈ કુંવરજીભાઈ વિકમશી ને પ્રથમ માસિક પુણ્યતિથિએ લઘુ બંધુ સ્વ. શ્રી દામજી કુંવરજી વિકમશી પરિવાર તરફથી આદરાંજલી

જન્મ :
તા.
૨૫-૦૫-૧૯૨૭



અરિહંત શરણ :
તા.
૧૫-૦૨-૨૦૧૮

### વડીલ શ્રી શીવજીભાઈ કુંવરજીભાઈ વિકમશી

રાણપુર - પરેલ

અમારા પરમ વડીલ, કુટુંબીજનો પ્રત્યે અપાર
સ્નેહની લાગણીધારા વરસાવનારા,
શિક્ષણ પ્રસાર અને ઉત્તેજનના આજીવન ભેખધારી,
ખુદ એક સંસ્થા સમાન, કર્મયોગી,
વિપશ્યના દ્વારા આધ્યાત્મિકતા પ્રાપ્ત કરનારા
સંત પુરૂષને અમારી

**આદરપૂર્ણ ભાવાંજલી.....**

લી.

**માતુશ્રી કાંતાબેન દામજી કુંવરજી વિકમશી** (રાણપુર-બીલીમોરા)
**સૌ. રાજેશ્રી તથા હિરેન દામજી • ચિ. હર્ષ હિરેન દામજી**
**સૌ. રીના તથા મુકેશ દામજી • સૌ. અંજલિ તથા તારક મુકેશ**
**સૌ. આશા દીપક ગંગાજર ડાઘા** (વરાડીયા-મુલુંડ)
**સૌ. પન્ના (પ્રીતિ) કિરીટ ભવાનજી લોડાયા** (વારાપધર-પાચોરા)
**સૌ. કુંજલ (મીના) ભાવેશ કુંવરજી લોડાયા** (રાપર-ભાંડુપ)
**સૌ. રીધ્ધી મોનિશ ખોના** (મુલુંડ)
**સૌ. મિનલ અમિત નાગડા** (નાસિક)
**સૌ. કીંજલ દર્શન ડાઘા** (મુલુંડ)
**સૌ. અપેક્ષા ગૌતમ ડાઘા** (મુલુંડ)
**સૌ. નિરલ સંકેત લોડાયા** (ડોંબિવલી)
**ચિ. શુભમ કિરીટ લોડાયા**
**કુ. ક્રિપા ભાવેશ લોડાયા • કુ. ભક્તિ ભાવેશ લોડાયા**
**ચિ. ક્રિશ અમિત • ચિ. પાર્શ્વ ગૌતમ • ચિ. કીઆ દર્શન**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઢીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 11/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**તંત્રી સમીપે**

# જ્ઞાતિ સંમેલનનું આયોજન સર્વ સમાવિષ્ઠ પરિપ્રેક્ષ્યમાં થવું જોઈએ

સમસ્ત મહાજન દ્વારા આગામી ડિસેમ્બરમાં કચ્છ (નલીયા)માં યોજાનાર જ્ઞાતિ સંમેલન અંગે ઘણા સમય પહેલાં જાહેરાત થઈ હતી તે પછી તે વિષે જ્ઞાતિજનોને વિશેષ માહિતગાર કરાયા નથી પરંતુ થોડા દિવસો પછી, ૨૫ માર્ચના તેમના ટ્રસ્ટ બોર્ડની એક સભા મુંબઈમાં મળનાર છે તેવા અહેવાલો છે અને સંભવતઃ તેની કાર્યસૂચિમાં આગામી સંમેલનની પૂર્વ તૈયારીની રૂપરેખા નક્કી કરવાની કાર્યવાહી હશે તેવું અનુમાન હકીકતમાં પરિણમવાની પૂરી શક્યતા છે તેમ આ તબક્કે અવશ્યપણે કહી શકાય.

સમસ્ત મહાજનના ટ્રસ્ટીઓ અને ખાસ કરીને મેનેજીંગ ટ્રસ્ટીઓએ સંમેલનના આયોજનના સર્વાંગી પાસાંઓની વિચારણા કરીને મુખ્ય મુદ્દાઓની સંકલ્પના તૈયાર કરી લીધી હશે અને તે બાબતે વિગતવાર વિચાર વિમર્શ કરવા અને તેને આખરી ઓપ આપવા માટે દોઢેક મહીનામાં મહાસમિતિની એક સભા બોલાવવાનો પણ તેમનો પ્રસ્તાવ હશે જ એવું અનુમાન કરીએ તો તે પણ ખોટું નહીં ઠરે.

છેલ્લું જ્ઞાતિ સંમેલન મળ્યાને ૨૭ વર્ષ વિતી ગયાં છે તે પછી જ્ઞાતિના સમાજજીવનમાં ઘણો બદલાવ આવી ગયો છે અને ખાસ કરીને જ્ઞાતિના યુવાવર્ગની વિચારસરણીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે.

આમ એકંદરે જ્ઞાતિનો ૬૦% જેટલો યુવા વર્ગ જ્ઞાતિ પ્રવાહથી વિમુખ થઈ ગયો છે અને તેમને જ્ઞાતિ જેવા એકમની ખાસ આવશ્યકતા લાગતી નથી તેવી પરિસ્થિતિમાં જ્ઞાતિનું સાર્થકપણે અસ્તિત્વ ટકી રહેશે કે કેમ તેવા ગંભીર પ્રશ્ને જાણે જ્ઞાતિને ઘેરાવમાં લીધી છે તેવી એક બાજુ અમુક વર્તુળોમાં વ્યાપેલી ચિંતાની સામે બીજી બાજુ છેલ્લા દોઢેક દાયકામાં અનેક યુવા કાર્યકરો જ્ઞાતિપ્રવૃત્તિઓમાં સક્રિય બન્યા છે તેમની સંગઠનશક્તિ અને જ્ઞાતિ માટેના સ્વપનીલ મનોરથોને સાકાર કરવાની દઢ નિશ્ચાત્મકતા અને સમર્પિતતાની ભાવના જોઈએ છીએ ત્યારે નકારાત્મકતા ઉડી જાય છે અને જ્ઞાતિ ઐક્યના સંવાદિત સ્પંદનો અને આંદોલનોનો ઉભાર પ્રતીત થતો દેખાય છે.

આ પશ્ચાદભૂમાં, સમસ્ત મહાજનનું વર્તમાન ટ્રસ્ટ બોર્ડ આગામી સંમેલનના આયોજનની નક્કર રૂપરેખા ઘડવા માટે જ્યારે મહાસમિતિની સભા બોલાવશે તેમાં આમંત્રિતો તરિકે આવા ૩૦ થી ૫૦ની વયજુથના તેમજ જ્ઞાતિના વિવિધ યુવામંચો અને વિદ્યાર્થીસંઘ (મુંબઈ) જેવી સંસ્થાના યુવા અધિકારી વર્ગમાંથી ત્રીસેક સક્રિય કાર્યકરોને પણ બોલાવશે તો જ્ઞાતિના યુવાવર્ગની આકાંક્ષાઓ-અપેક્ષાઓની સાથે તેમના જ્ઞાતિ પ્રશ્નોના નિરાકરણ માટેના દષ્ટિબિંદુઓ અને સંકલ્પતાનો પણ પરિચય મળશે.

તેવી જ રીતે, મુંબઈ તેમજ અન્ય સ્થાનિક અને કચ્છ - હાલારના વતનનાં ગામોનાં મહાજનોના વરિષ્ઠ વયના ભૂતપૂર્વ પ્રમુખો, મુંબઈ, ધુલિયા, જામનગરના વિદ્યાર્થીગૃહો, કન્યા છાત્રાલયો, શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ અને ધુલિયા, ગદગ જેવા શહેરોની અન્ય શૈક્ષણિક સંસ્થાઓ અને જ્ઞાતિ એકમો, વસતીપત્રક સમિતિ જેવી સક્રિય સંસ્થાઓના યુવા-વરિષ્ઠ અધિકારીઓમાંથી પચાસેક પ્રતિનિધિઓને પણ મહાસમિતિની સભાઓમાં આમંત્રિત કરવામાં આવશે અને તેમની સાથે પણ આગામી સંમેલન બાબતે તેમાં સર્વગ્રાહી વિચાર વિમર્શ થશે તો સમસ્ત મહાજનના સંચાલકોને

પણ સંમેલનની કાર્યવાહીને ચોક્કસ પધ્ધતી અને મુદ્દાસરની ગોઠવણી કરવામાં તેમજ નિરર્થક લંબાણભર્યા સત્રોને ટાળવાના હેતુસર ઘણું સુરેખ-સ્પષ્ટ ચિત્ર મળી રહેશે અને સાથે આગામી વીસેક વર્ષ માટેનું એક સુયોગ્યપણે સંકલિત થયેલું પચાસેક જ્ઞાતિ વિચારકો અને સક્રિય કાર્યકરોનું જુથ તૈયાર કરવાનું શક્ય બનશે.

આશા રાખીયે કે સમસ્ત મહાજનનો અધિકારી વર્ગ જ્ઞાતિ સંમેલનના આયોજનની બાબતની વ્યાપકતા અને વિશાળતાને અનુલક્ષીને તેના વિવિધ પાસાંઓ અને આયામો પરની ચર્ચા વિચારણા કરતી વખતે તેને પોતાના ટ્રસ્ટ બોર્ડ કે મહાસમિતિના સભ્યો પૂરતી જ સમિતિ ન રાખતાં, આખી જ્ઞાતિના સ્તરે સમાવિષ્ટતા લક્ષી વિચારધારા અપનાવવા માટેનું માધ્યમ અને માળખું નિર્માણ કરવાનું નિમિત્ત બનશે. -રા.

**વિશેષ સુચના :** પ્રકાશ સમીક્ષાના મુખપૃષ્ઠ (કવરપેજ)ના રંગીના પાનાનો ચાર્જ એપ્રીલ ૨૦૧૮ થી રૂ. ૧૦,૦૦૦/-

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**પ્રિયાંક નાગડાની પ્રેરણાત્મક કવિતા**

મહેનતથી ઉઠ્યો છું, મહેનતનું દર્દ જાણું છું....
આકાશથી વધારે, ધરતીની કિંમત જાણું છું....
ઊંડો ખૂંચેલો ઝાડ હતો એટલે જેલી ગયો આંધીઓ ને
બાકી લાચારીના પગલે પગલે પીધેલા કડવા
ઘૂંટડાઓ નો સ્વાદ હું જાણું છું.....
વ્હાલા જીવને બચાવવા માટે કાળજૂમ્બી આફત સામે અડીખમ
રહીને લડ્યો, ઝઝૂમ્યો, પછડાયો, ફેંકાયો પીડાયો....
પણ કચડાઈ...ને નવસર્જન પામેલા, પગે ફરી પા-પા પગલી
સુધી પહોંચવાની મેહનત, આશા, પરિશ્રમ, ધૈર્ય ને ધીરજ
શું હોય એ હું જાણું છું....
બસ... પછી તો... જેમ જેમ મહેનત વધી,
તેમ તેમ નસીબ પણ બદલાતું ગયું....
પણ પગના તળિયે નાના નાના છુપાયેલા કંકુના ચાંદલાની
અસર હું જ જાણું છું.....
પણ હંમેશા 'બરાબર છું' નો એટીટ્યુડ રાખું છું ને અડધી
તકલીફોને તો આમજ
હસતા હસતા જ ભગાડી
દઉં છું....
જીંદગી... તું બહુજ પ્યારી
છે તને જો ખુમારીથી
જીવતા આવડી જાય તો...






|| જય ચક્રેશ્વરી માતા || || નમો નમ: શ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમ: || || જય પદ્માવતી માતા ||

શ્રી આર્યરક્ષિત-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલાપ્રભસાગર-વિરભદ્રસાગર-મહોદયસાગર-કવિન્દ્રસૂરીભ્યો નમ:

# રંગપુર નગરે – શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયે

## ૨૯મી ધ્વજારોહણ મહોત્સવ

## સસ્નેહ નિમંત્રણ

### ૨૪ એપ્રીલ, ૨૦૧૮ થી ૨૫ એપ્રીલ, ૨૦૧૮

શ્રી રંગપુર નગરે, શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાના દરબારે, અચલગચ્છાધિપતિશ્રી, સૂરીશ્વર ભગવંતો, શ્રમણ-શ્રમણીવૃંદ, **રંગપુર સંઘવત્સલ પ. પૂ. સા. શ્રી દિવ્યગુણાશ્રી મ. સા. અને પ. પૂ. સા. શ્રી કોટીગુણાશ્રી મ. સા.** વગેરેની અસીમ કૃપાથી **૨૯મો ધ્વજારોહણ-અઢાર અભિષેક મહોત્સવ તા. ૨૪ એપ્રીલ ૨૦૧૮ થી ૨૫ એપ્રીલ, ૨૦૧૮** દરમ્યાન ખૂબજ ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ઉજવાશે.

શ્રી સંઘના પુણ્યોદયે શ્રી સંઘ વતી ૨૯મી ધ્વજા મહોત્સવ દરમ્યાન મુખ્ય શિખર ગંભારામા મુળનાયકની ધ્વજાનો મહા મંગલકારી લાભ રંગપુર સંઘના દાનેશ્વરી દાતા પરિવાર **અ. સૌ. ભાગ્યવંતી લક્ષ્મીચંદ માલશી નાગડા, રંગપુર-બેંગલોર** પરિવારે રૂા. ૧૧,૦૦૦/- ના નકરાથી લીધો છે.

**મહામંગલકારી અઢાર અભિષેક વૈશાખ સુદ ૧૦ ને મંગળવાર, તા. ૨૪ એપ્રીલ, ૨૦૧૮ના બપોરના ૩.૦૦ કલાકે** કરવામાં આવશે. અઢાર અભિષેકનો લાભ આ પ્રસંગે હાજર ગામવાસી જ્ઞાતિજનોને તેમજ નિયાણીબહેનોના પરિવારને બપોરના ૨.૩૦ કલાકે નીચે મુજબ ઉછામણીથી આપવામાં આવશે. રાત્રે ભાવના ભણાવવામાં આવશે.

**૧. મુળનાયક શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દાદાનો અભિષેક**
**૨. ગંભારામાં શ્રી વાસુપૂજ્યસ્વામી ભગવાન**
**૩. ગંભારામાં શ્રી મુનીસુવ્રતસ્વામી ભગવાન**
**૪. ૧લે માળે મુળનાયકશ્રી મહાવીરસ્વામી ભગવાન**
**૫. ૧લે માળે શ્રી આદિનાથ ભગવાન**
**૬. ૧લે માળે શ્રી અનંતનાથ ભગવાન**
**૭. રંગમંડપમાં મહાકાળી માતાજી**
**૮. રંગમંડપમાં ચક્રેશ્વરી માતાજી**
**૯. રંગમંડપમાં પદ્માવતી માતાજી**
**૧૦. રંગમંડપમાં પાર્શ્વયક્ષ**
**૧૧. રંગમંડપમાં શાંતિનાથ ભગવાન**

**વૈશાખ સુદ ૧૧, બુધવાર તા. ૨૫ એપ્રીલ, ૨૦૧૮ ના મહામંગલકારી દિવસે સવારના ૯.૦૦ કલાકે સત્તરભેદી પૂજા** ભણાવવામાં આવશે. પૂજાનો લાભ ધ્વજાના લાભાર્થી પરિવારોને અને હાજર અન્ય દાતા પરિવારોને આપવામાં આવશે. ૨૯મી ધ્વજારોહણ શુભ મુહુર્તે પૂજા દરમ્યાન કરવામાં આવશે અને નીચે મુજબ ઉછામણીઓ પણ લેવામાં આવશે.

**૧. રંગ મંડપની ધ્વજા**
**૨. પૂર્વ ચોકીયારાની ધ્વજા**
**૩. પશ્ચિમ ચોકયારાની ધ્વજા**
**૪. ઉત્તર ચોકીયારાની ધ્વજા**
**૫. ગુરૂમંદિરની ધ્વજા**
**૬. સુર્ય દર્શન**
**૭. ચંદ્ર દર્શન**
**૮. આરતી ૧૦૮ દિવાની**
**૯. મંગળ દીવો વગેરે**

આ બંને પ્રસંગે **વિધિ વિધાન માટે જામનગરના શ્રી કલ્પેશભાઈ શાહ અને સંગીતકાર તરીકે શ્રી વિક્રમભાઈ મહેતા** પધારશે.

આ પ્રસંગે આપ સર્વે રંગપુર ગામવાસીઓ નિયાણી બહેનો તેમજ સગાવહાલા સાથે પધારવા શ્રી સંઘ વતી ભાવભર્યું નિમંત્રણ છે. **સાધર્મિકભક્તિનો લાભ આખા દિવસની પ્રથમ દિવસે રૂા. ૧૧,૦૦૦/-ના નકરાથી અને દ્વિતિય દિવસનો રૂા. ૨૫,૦૦૦/- ના નકરાથી આપવામાં આવશે.** આ પરિવારોને બેનર શ્રી સંઘની ભોજનશાળામાં આવતી ૩૦મી ધ્વજા સુધી રાખવામાં આવશે.

બંને દિવસે નવકારશી, બપોરનું જમણ ચા-પાણી અને સાંજનો ચોવિહાર શ્રી સંઘ તરફથી રહેશે. શ્રી સંઘમાં માતુશ્રી ધનબાઈ રામજી માણેકજી નાગડા નૂતન અતિથિગૃહ, જુના અતિથિગૃહ ઉપાશ્રય, ૨૪ કલાક પાણી વગેરે સુંદર સગવડ છે.

આ શુભ પ્રસંગે આપ સૌ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રી રંગપુર સંઘની આન, બાન, શાનમાં વધારો કરશો.

**લી. શ્રી રંગપુર કચ્છી દશા ઓશવાલ જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ વતી**
**શ્રી બિપીન પાશ્વીર નાગડા - મંત્રી ટ્રસ્ટી**

UPASANA - 9820167767

।। શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।। ।। શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ।। ।। શ્રી કેશરીયા આદિનાથાય નમઃ ।।

।। શ્રી ચકેશ્વરી માતાય નમઃ ।। ।। શ્રી પદ્માવતી દેવીય નમઃ ।।

।। શ્રી નમો નમઃ આર્યરક્ષિત - કલ્યાણ - ગૌતમ - ગુણ - ગુણોદય - કલાપ્રભ - કવિન્દ્ર - વીરભદ્ર - મહોદયસાગરસૂરીભ્યો નમઃ ।।

# ૪૦૦ વર્ષથી અધિક પ્રાચીન મોડપર તીર્થની ચતુર્થ ધ્વજારોહણ - સાલગિરી પ્રસંગે પધારવા ભાવભર્યું

# આમંત્રણમ્

**શુભ આશિષ** : ૫૧માં વર્ષીતપના આરાધક, તપચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભ કૃપા-પ્રેરણા** : મોડપર તીર્થ જીર્ણોધ્ધારક, સાહિત્ય દિવાકર, પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભ આશિષ** : સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., આગમાભ્યાસી પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.,

**નિશ્રા પ્રદાન** : અચલગચ્છના જામનગર-મોડપર-આરાધના ધામ વિચરતા શ્રમણ-શ્રમણીવૃંદ અનુકુળતા મુજબ પધારશે.

## ધ્વજારોહણ-વર્ષગાંઠના કાર્યક્રમની રૂપરેખા

**પ્રથમ દિવસ : સંવત ૨૦૭૪, દ્વિતીય જેઠ સુદ ૭, મંગળવાર, તા. ૧૯ જુન, ૨૦૧૮**

| | |
|---|---|
| સવારના ૮.૦૦ કલાકે | : પરમ પૂજ્ય શ્રમણ-શ્રમણીવૃંદનું સામૈયું |
| સવારના ૮.૩૦ કલાકે | : નવકારશી |
| સવારના ૯.૦૦ કલાકે | : સ્નાત્ર પુજા (લાભાર્થી પરિવારો) |
| બપોરના ૧૨. થી ૨ કલાકે | : જમણવાર - ચા - પાણી |
| બપોરના ૨.૩૦ કલાકે | : અઢાર અભિષેકની ઉછામણીઓ |
| બપોરે ૩.૦૦ કલાકે | : અભિષેક |
| સાંજના ૫.૩૦ કલાકે | : ચૌવિહાર |
| સાંજના ૭.૦૦ કલાકે | : ભાવના, અષ્ટપ્રકારી પૂજાના ચડાવા તા. ૨૦-૦૬-૨૦૧૮ માટે |

**દ્વિતીય દિવસ : સંવત ૨૦૭૪, દ્વિતીય જેઠ સુદ ૮, બુધવાર, તા. ૨૦ જુન, ૨૦૧૮**

| | |
|---|---|
| સવારના ૮.૦૦ કલાકે | : નવકારશી |
| સવારના ૯.૦૦કલાકે | : સત્તરભેદી પુજા, શુભ મુહુર્તે ધ્વજારોહણ ઉછામણી-નકરા-ચડાવા, બહુમાન, આરતી, મંગલદીવો |
| સવારના ૧.૦૦ કલાકે | : જમણવાર - ચા - પાણી |
| સાંજના ૫.૩૦ કલાકે | : ચૌવિહાર |

## ધ્વજારોહણના લાભાર્થી પરિવારો

- **તિર્થાધિપતિ શ્રી સુપાર્શ્વનાથ દાદા જિનાલયની ધ્વજા :**
  માતુશ્રી પ્રેમીલાબેન રતનશી કાનજી ધરમશી પરિવાર (રંગપુર) હસ્તેઃ અ.સૌ. દિપ્તી મેહુલ દંડ
- **૯૯ ઈંચના વિરાટ શ્રી કેશરીયા આદિનાથ દાદા જિનાલયની ધ્વજા :**
  શ્રી શાંતીલાલ કેશવજી ખીમજી ડાઘા પરિવાર (દલતુંગી- ઘાટકોપર)
- **મોડપર તીર્થ સ્થાપક દાદા ગુરૂદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા. ગુરૂમંદિર ધ્વજા :**
  માતુશ્રી જયાબેન કુંવરજી ડાયાભાઈ ધરમશી પરિવાર (રંગપુર - સાંતાક્રુઝ)
  હસ્તેઃ અ.સૌ. ચંદ્રીકા નરેન્દ્ર કુંવરજી ધરમશી

## વિવિધ ચડાવા-ઉછામણી-નકરાની યાદી

**અ) તા. ૧૯ જુન, ૨૦૧૮, બપોરના ૨.૩૦ કલાકે**

૧) ગંભારામાં મુળનાયક શ્રી સુપાર્શ્વનાથ ભગવાન અને ૪ ભગવાન

૨) રંગમંડપમાં શ્રી મુનીસુવ્રત સ્વામી

૩) રંગમંડપમાં શ્રી વાસુપૂજ્ય સ્વામી

## વિવિધ ચડાવા-ઉછામણી-નકરાની યાદી



૪) રંગમંડપમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ
૫) રંગમંડપમાં શ્રી નેમીનાથ ભગવાન
૬) રંગમંડપમાં શ્રી સરસ્વતીદેવી
૭) રંગમંડપમાં શ્રી મહાકાળીદેવી
૮) રંગમંડપમાં શ્રી ચકેશ્વરી દેવી
૯) રંગમંડપમાં શ્રી પદ્માવતી દેવી
૧૦) દાદા કેશરીયા આદિનાથ દાદા (અલગ જીનાલય)
૧૧) દાદા ગુરૂદેવ કલ્યાણસાગરસૂરીશ્વરજી ગુરૂ મંદીર
૧૨) ધાતુના શાંતીનાથ ભગવાન

અભિષેક દરમ્યાન સુર્ય દર્શન, ચંદ્ર દર્શન, આરતી, મંગલદીવો વિગેરે ચડાવા લેવાશે.

**બ) તારિખ ૧૯ જુન ૨૦૧૮, રાત્રી ભાવના**

સવારના બન્ને દેરાસરમાં પક્ષાલપુજા, કેશરપુજા, ફુલ પુજા, મુગટ પુજા વિગેરે

**ક) બે દિવસની સાધર્મિકભક્તિના નકરા**



| | | |
|---|---|---|
| ✣ સંપૂર્ણ દિવસના | : રૂા. ૨૭,૦૦૦/- | (તા. ૧૯-૦૬-૨૦૧૮) |
| ✣ સવારના નવકારશી | : રૂા. ૫,૦૦૦/- | (તા. ૧૯-૦૬-૨૦૧૮) |
| ✣ બપોરની સાધર્મિકભક્તિ | : રૂા. ૧૧,૦૦૦/- | (તા. ૧૯-૦૬-૨૦૧૮) |
| ✣ બપોરના ચા-પાણી | : રૂા. ૫,૦૦૦/- | (તા. ૧૯-૦૬-૨૦૧૮) |
| ✣ સાંજના ચૌવિહાર | : રૂા. ૧૧,૦૦૦/- | (તા. ૧૯-૦૬-૨૦૧૮) |
| ✣ સંપૂર્ણ દિવસના | : રૂા. ૪૧,૦૦૦/- | (તા. ૧૯-૦૬-૨૦૧૮) |
| ✣ સવારના નવકારશી | : રૂા. ૧૧,૦૦૦/- | (તા. ૨૦-૦૬-૨૦૧૮) |
| ✣ બપોરની સાધર્મિકભક્તિ | : રૂા. ૨૫,૦૦૦/- | (તા. ૨૦-૦૬-૨૦૧૮) |
| ✣ બપોરના ચા-પાણી | : રૂા. ૫,૦૦૦/- | (તા. ૨૦-૦૬-૨૦૧૮) |
| ✣ સાંજના ચૌવિહાર | : રૂા. ૫,૦૦૦/- | (તા. ૨૦-૦૬-૨૦૧૮) |

**ખ) વાર્ષિક અષ્ટપ્રકારી પુજાના તેમજ પુનમ ભાતાના ચડાવા નકરા તા. ૨૦-૦૬-૨૦૧૮**

**ગ) સર્વ સાધારણ ફંડ, મીતી યોજના તેમજ ભોજનશાળામાં દાન સ્વીકારવામાં આવશે.**

ઉપરોક્ત સાધર્મિકભક્તિનો લાભ લેવા આપના નામ શ્રી નીતીન ભાઈચંદ ધરમશી
મો.: 90827 58508 ફોનઃ 022-2501 1788 પર લખાવવા વિનમ્ર વિનંતી.

**નિમંત્રણ :** આ શુભ પ્રસંગે અચલગચ્છના તેમજ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના સર્વે ભાઈ-બહેનો, દલતુંગી, સેવક ભરૂડીયા, રંગપુર, મોટી ખાવડી, નાની ખાવડી, ગોરખડી તેમજ જામનગરના સર્વે ગામ પ્રમુખો-મોવડીઓ, શ્રાવક-શ્રાવિકાઓ સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

લી.

### શ્રી મોડપર સુપાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રયના ટ્રસ્ટીગણ

અશોક મણીલાલ દંડ : (પ્રમુખ ટ્રસ્ટી)
નવીનચંદ્ર રતનશી શાહ (લોડાયા) : માનદ્‌મંત્રી ટ્રસ્ટી
જીવરાજ ફીલાચંદ નાગડા : ટ્રસ્ટી
સુનીલ માણેકજી લોડાયા : ટ્રસ્ટી
રાજેશ કાંતીલાલ ધરમશી : ટ્રસ્ટી
નરેન્દ્ર કુંવરજી ધરમશી : ટ્રસ્ટી
પંકજ કેશવજી ધરમશી : ચેરમેન ટ્રસ્ટી
ઉત્તમ હેમરાજ લોડાયા : ખજાનચી ટ્રસ્ટી
ભુપેન્દ્ર લખમશી લોડાયા : ટ્રસ્ટી
મનોજ ભવાનજી ખોના : ટ્રસ્ટી
દિલીપ ડુંગરશી લાપસીયા : ટ્રસ્ટી

: કારોબારી સભ્યો :

નરેન્દ્ર જેતશી શીયાલ
ગુલાબચંદ ત્રીકમજી નાગડા
તિલકચંદ્ર જેન્તીલાલ ખોના
મયુર સુરેશ દંડ ના જય જિનેન્દ્ર !
ભરત લક્ષ્મીચંદ દૌલત

મુંબઈ કાર્યાલય: શ્રી આર્ય કલ્યાણ કેન્દ્ર, ૧૦૩, મેઘરત્ન બિલ્ડીંગ, દેરાસર લેન, ઘાટકોપર (પૂર્વ), મુબઈ - ૪૦૦ ૦૭૭.

UPASANA-9820167767

# REDEVELOPMENT TENDER NOTICE

Sealed Bids are invited from Reputed Builders / Developers for Redevelopment of **"Anant Siddhi"** Complex located at LBS Marg, Bhandup West, Mumbai - 78 bearing CTS No. 470 and 470/1 of Village Bhandup. The ownership thereof vest with Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Funds.

Gross Plot area is 4,274.30 SQM. Road setback is approx. 648.30 SQM. Existing BUA is approx. 3647 SQM including area of the tenants, Halls and the existing Jain Derasarji.

Tender is available in PMC'S office from 05/03/2018 to 20/03/2018 between 12 PM to 5 PM on all working days on non-refundable and non-transferable payment of Rs. 23,600/- by way of DD in favour of "Dilip Sanghvi Consultants." The Bid documents shall only be issued on submission of request letter to PMC. The Owner reserves its right to accept or reject any or all Bids without assigning any reason whatsoever.

**PMC**

**Dilip Sanghvi Consultants**

101, Sri Saidham, 90 Feet Road,
Vikrant Circle, Ghatkopar (E),
Mumbai - 400 077.
+91 91676 49099 (Sagar)
Email: dilipsanghvi5@gmail.com

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ || || શ્રી લાલછતા પીર નમો નમઃ ||

## સાંધવગામના લાલ છતાપીરની ૨૯મી પહેડી પ્રસંગે

**સાંધવ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**શુભ દિવસ સં. ૨૦૭૪ વૈશાખ સુદ ૫**
**શનિવાર તા. ૨૨-૫-૨૦૧૮**

| પહેડી પ્રસાદ અને સલામ | મહાપ્રસાદ |
|---|---|
| સવારના ૧૦.૩૦ કલાકે | ૧૧.૩૦ થી ૧.૦૦ કલાકે |

**સંગીતના સથવારે કવ્વાલી**
**સલીમ મીર અને શાયદા મીર એન્ડ પાર્ટી**
**કચ્છના પ્રખ્યાત કલાકાર**

**શુભ સ્થળ :** ઝવેરબેન પોપટલાલ સભાગૃહ રાષ્ટ્રીય શાળા, ઉપાયશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ)

પહેડીના લાભાર્થી પરિવાર
**સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન (ધરમશી) પરિવાર**

|| શ્રી શાંતિનાથાય નમો નમઃ || || જય શ્રી વાછરા દાદાય નમો નમઃ ||

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ મુંબઈ

આયોજીત

સાંધવ ગામના **શ્રી વાછરાદાદાની ૨૭મી પહેડી** પ્રસંગે સાંધવવાસીઓ તથા નિયાણી બહેનો અને આમંત્રિત મહેમાનો અને વાછરાદાદાને નમતા ભાવિકોને પધારવા ભાવભર્યું આમંત્રણ.

**શુભ દિવસ સં ૨૦૭૪ વૈશાખ સુદ ૫ શનિવાર તા. ૨૨-૫-૨૦૧૮**

| પહેડી પ્રસાદ | મહાપ્રસાદ (ભોજન) |
|---|---|
| સાંજના ૪.૩૦ કલાકે | સાંજના ૬.૩૦ કલાકે |

રાત્રે ૮ કલાકે મહાઆરતી-થાળ અને દાદાને આવાહન
ભક્તિગીત સાહિત્યકલાકાર **કિશોરદાન ગઢવી**
એન્ડ **પાર્ટી** મધુરકંઠી **શાયદા મીર સાથી કલાકારો**

**શુભ સ્થળ :** ઝવેરબેન પોપટલાલ સભાગૃહ રાષ્ટ્રીય શાળા, ઉપાયશ્રય લેન, ઘાટકોપર (ઈસ્ટ)

પહેડીના લાભાર્થી પરિવાર
**માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પદમશી પીર (લોડાયા)**
ગામ : સુથરી, હાલ : મુલુંડ

**લી. શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ**
વિપુલ પટેલ કિરણ દંડ

## તુમ આજ મેરે સંગ હસ લો (ચેતના કેતન લોડાયા, વડોદરા)

જનરલી આપણે મહાન માણસો કે મોટા માણસોના કિસ્સાઓ વાંચીને ઈન્સ્પાયર્ડ થઈએ છીએ. પરંતુ સામાન્ય માણસોની અસામાન્ય વાતો આપણા જીવનમાં જોવામાં આવતી નથી કે આપણે આવું નીરીક્ષણ કરતા નથી.

આજે મારે આપની સમક્ષ મારા વેવાણશ્રી ચેતનાબેન કેતનભાઈ લોડાયા (વડોદરા) વિશે વાત કરીને આપ સૌને વિચારતા કરી મૂકવા છે. આજે જ્યારે આપણી દીકીરીઓ ઘરમાં સાસુ-સસરા ના હોય તેવું ઘર વધારે પસંદ કરે છે, અથવા એમનાથી અલગ રહેવા મળે તો ઉત્તમ એમ વિચારે છે, ત્યારે ચેતનાબેન સંયુક્ત પરિવારમાં રહે છે. બે ભાઈઓનું કુટુંબ અને બહોળો વિસ્તાર. જેઠાણીને ચાર દીકરીઓ અને પોતાના બે સંતાનો અને સાસુ. કુલ અગીયાર જણના પરિવારમાં તેઓ સદાય હસતા રહે, હસાવતા રહે. ક્યારે પણ મોઢું ચડેલો ચહેરો કોઈએ જોયો નથી. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પ્રફુલ્લીત મને કામ કરતા રહે.

તાજેતરમાંજ એમના જીવનની ષષ્ટિપૂર્તિ ઉજવાઈ ગઈ. તેમાં ગેરહાજર રહેલી અમેરીકા રહેલી એમના જેઠની દીકરી કોમલે ભાવવિભોર પત્ર લખેલો. તે એના જ શબ્દોમાં મૂકૂં છું.

''વ્હાલા કાકી, તમારી ષષ્ટિપૂર્તિની ઉજવણીનું આમંત્રણ મળ્યું. મારું દુર્ભાગ્ય છે કે હું તમારાથી દૂર છું પણ મારો આત્માં તમારા ફંક્શનમાં જ છે. બચપણની ઘણી યાદો માનસપટ પરથી જઈ રહી છે. તમે હમેશા અમને જમવામાં નવી નવી વેરાયટી કેમ ખવડાવવી તેની ચિંતામાં રહેતા. પ્રેમ અને આગ્રહથી અમને જે ખવડાવ્યું તે કેમ ભુલાય! તમે ક્યારે પણ અમને કામ કરવા ના દીધું, રાજકુમારીની જેમ અમને બધાને રાખ્યા. કાકી ખરેખર તમે આપણા ઘરની અન્નપુર્ણા છો.

કાકી, તમારી પાસે કોઈ રડતો આવે એ પાછો હસીને ના જાય ત્યાં સુધી તમે એને છોડો નહીં. તમારો સદાય હસમુખ ચહેરો જોઈને અમારા બધા ટેન્શન દૂર થઈ જતા. હ્યુમર તો કોઈ તમારી પાસેથી શીખે. તમારી પાસેથી માનવ-સ્વભાવના ઘણા ગુણો શિખવા મળ્યા. જે મારા જીવનની મુડી બનીને રહ્યા છે. 'નમીજા' ને 'ખમીજા' એ તમારું બ્રિદવાક્ય છે.

ઘણા ઘરોમાં આપણે જોઈએ છીએ કે સાસુ-વહુ, નણંદ-ભોજાઈ, દેરાણી-જેઠાણી એકબીજાને મહેણા ટોણા મારે, અત્યારની સીરીયલોમાં આપણે જોઈએ ત્યારે આપણને ગુસ્સો આવે. હિન્દીમાં જેને 'તાના' કહે તે ક્યારેય આપણા ઘરમાં જોવા નથી મળ્યું.

કાકી તમે ખરેખર ગ્રેટ છો. મારા મમ્મી-પપ્પા ને તમે જે રીતે સાચવ્યા છે તેનું મુલ્ય થઈ શકે તેમ નથી. તમે ક્યારે પણ એમનો બોલ ઉથાપ્યો નથી. એમની મર્યાદાનો લોપ કર્યો નથી. તમે ખરેખર ધુપસળી જેવા છો. જેમાં આગ પણ છે, સુગંધ પણ છે. ધીરજ પણ છે અને સહનશીલતા પણ છે. તમારી જાતને ધીમે ધીમે બાળી સહન કરી પરિવારને સુગંધિત કરવાની તમારી તાકાત છે.

ભારતની સંયુક્ત પરિવાર સંસ્થાનો જ્યારે પરાજય થઈ રહ્યો છે, ત્યારે આપણું ઘર ભારતીય સંસ્કૃતિની મહાન યુનિવર્સિટી બનાવવામાં તમારો ફાળો અપ્રતિમ ગણાય. સ્કૂલ-કૉલેજમાં વિષયને લગતું જ્ઞાન જ મેળવી શકાય છે. પરંતુ પરિવાર જ સંસ્કૃતિની એકમાત્ર પાઠશાળા છે.

તમારા માટે ઘર જ મંદિર છે. દરેકમાં પ્રભુનો વાસ છે. આપણે બધાં પૂર્વના સંચિત કર્મોથી પરસ્પર સંકળાયેલા છીએ, એવી તમારી પાકી માન્યતા છે. તમારા હૃદયમાં કોઈના ય પ્રત્યે રાગ-દ્વેષ ક્યારે જોયા નથી. ઘરની કામવાળીથી લઈને માલેતુજાર મહેમાનો માટેની પરોણાગત તમારા માટે પ્રભુપુજાથી જરાય ઉતરથી નથી.

ઋજુ-કોમલ હૃદયના મારા કાકીની પારદર્શિતા જ એમના જીવનની અણમોલ મૂડી છે. કોઈનું ય હૃદય ક્યારેય ના દુભાય, એની સતત તમા રાખનારા મારા કાકીનું સૂત્ર છે. ''અંતકાળે પસ્તાવો ના થાય એનું નામ જ જીવન...'' આપણા પરિવારમાં આ સંસ્કાર વારસો અખંડ-જ્યોતની જેમ સદાકાળ ઝળકતો રહે એ જ પ્રાર્થના...''

આવા આ ચેતનાબેનની દિકરી જીનલ મારા ઘરમાં આવી ત્યારે શરૂઆતમાં મેં સાસુપણું દાખવ્યું. પણ ચેતનાબેને એની અંદર જે સંસ્કારોનું સીંચન કર્યું છે કે આજે એ મારી સવાઈ દિકરી બનીને રહી છે. આમે અમારા ઘરમાં એક પલ


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

પણ જીનલ વગર ચાલતું નથી. એનજીઓની એક સંસ્થા ચલાવીને ઘર પણ સુંદર રીતે સંભાળે છે. હું ટીવી, છાપા-ચોપડીઓ વાચીને મારો સમય પસાર કરું છું મને કશું કામ કરવા આપતી જ નથી.

વેવાણોના બેનપણા ક્યારે કોઈએ સાંભળ્યા છે? અમે બન્ને વેવાણો પાક્કી સખીઓ બની ગયા છીએ. વરસમાં ચાર-પાંચ વખત ના મળીએ તો અમને સુનું સુનું લાગે. ચાલે જ નહીં. નાના બાળકો એમની આંખોનો પ્રેમ તરત સમજી જાય. રડતા હોય તો તેમના ખોળામાં જાય કે ચુપ થઈ જાય.

મારે આજની દિકરીઓને આટલી જ સલાહ આપવાની છે કે સદાય હસતી રહો અને દરેકના આત્મામાં પ્રભુનો વાસ જુઆ તો કુટુબમાં ક્યારે પણ કોઈ દુઃખ આવે નહીં. સાસુ-સસરા ડસ્ટબીન નહીં લાગે, ભંગાર ફર્નીચર નહીં લાગે.

ચેતનાબેન પાસેથી શીખો - ''**તુમ આજ મેરે સંગ હસ લો, તુમ આજ મેરે સંગ ગા લો, ઔર હસતે ગાતે ઈસ જીવનકી ઉલઝી રાહ સંભાલો, જૈસે બંસી કે સીનેમેં છેદ હૈ ફીર ભી ગાયે, ગાતે ગાતે રોયે મયુરા ફીરભી નાચ દિખાયે રે... તુમ આજ મેરે સંગ હસ લો.**''

**- લેખા ગૌતમ મોમાયા** (જામનગર)

## ગોએરસમા - બારોઈ ધ્વજા મહોત્સવ

છવ્વીસ ઉગ્ર વરસીતપના આરાધક **પ.પૂ. મુનીરાજ કંચનસાગરજી મ.સા.**ની પાવન નિશ્રામાં **તા. ૨-૩-૨૦૧૮** ના બન્ને જિનાલયોમાં અઢાર અભિષેક અને **તા. ૩-૩-૨૦૧૮**ના બન્ને જિનાલયોમાં ધ્વજારોહણનો દ્વિ દિવસીય કાર્યક્રમ લગભગ ૧૦૦ થી વધુની હાજરીમાં ધામધુમ પૂર્વક ઉજવાયો. ગોએરસમા જિનાલયની ધ્વજારોહણનો શ્રીમતી સાધનાબેન અશોક પોલડીયા ગોએરસમા-જલગામ વાળા પરિવારે અમુલ્ય લાભ લીધેલ. બારોઈ જિનાલયની કાયમી ધ્વજા રોહણના લાભાર્થી માતુશ્રી મણીબાઈ કાંતિલાલ ખીમજી ગોસર, બારોઈ-મુંબઈ વાળા રહેલ.

મ.સા.ના માંગલિક પ્રવચન બાદ શ્રી કેતનભાઈ ગોસરે બન્ને જિનાલયોના આધાર એવા શ્રી ઉપેન્દ્ર કાંતિલાલ ગોસર અને દિપક દામજી પોલડીયાની અણધારી વસમી વિદાયથી સંઘ, સમાજ તેમજ પરિવારને પડેલ ખોટનો દિલાસો વ્યક્ત કર્યો. તેમણે તન,મન, ધનથી કરેલા ઉમદા કાર્યોનો ટુંકસાર આપી ત્રણ નવકાર સાથે મૌન પાળી સંઘ વતી શ્રધ્ધાંજલિ અર્પણ કરી. સૌએ તન-મન ધનથી નાના-મોટા લાભો લઈ ધ્વજા રોહણ ઉત્સવને યાદગાર બનાવ્યો.

લી. **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ગોએરસમા - બારોઈ વતી**
**પ્રમુખશ્રી ધનપતી કુંવરજી મોમાયા અને પદાધિકારીઓ**
**અને કારોબારી સભ્યો એવમ ટ્રસ્ટીઓના જય જિનેન્દ્ર**


|| શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ||   || શ્રી મહાકાલી પ્રસાદાત્ શ્રી મુખ હજૂર ||   || જય જયશ્રી અનંતનાથ ||

# શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિર

શ્રી પુજ મહારાજ રોડ, ભુજપુર, કચ્છ - ૩૭૦ ૪૦૫. ફોન : 09969184377

## અચલગચ્છના દેવી શ્રી મહાકાલી માતાજી સમુહ મહાપૂજન પહેડી ભક્તિ સંગીત ઉત્સવ

જ્યોતિર્ધામ મંદિર ભુજપુરના ઉપક્રમે મુંબઈ મુલુંડ કાલીદાસ સ્થાને અચલગચ્છના**શ્રી મહાકાલી માતાજીનું મહાપૂજન ભક્તિ સંગીત ઉત્સવ** ૨૩મું વરસ સં. ૨૦૭૪ આસો સુદ **૬ રવિવાર, તા. ૧૪-૧૦-૨૦૧૮**ના ઘાટકોપર સ્થાને ઉજવાશે. સમય ૮ થી ૨

### ત્રેવીસમાં વરસના મુખ્ય સહયોગી પરિવાર

**માતુશ્રી મીઠીબાઈ મણીલાલ ટોકરશી ખોના** તથા
**માતુશ્રી ધનબાઈ લાલજી પદમશી ધરમશી** (સુથરી)
હસ્તે **અ.સૌ. હેમલતા અશ્વિન મણીલાલ ખોના**

સૌ ભાવિકો દર વરસની જેમ માના દર્શન-વંદન, મહાપૂજન, પહેડી પ્રસાદ, ભક્તિ સંગીત ઉત્સવમાં પધારવા દાતા પરિવાર મંદિર-ટ્રસ્ટ યતિશ્રી થી અગ્રીમ આમંત્રણ સ્વીકારશો.

**શુભેચ્છા**   **અનુમોદના**   **આશીર્વાદ**

સવંત ૨૦૭૫ મહાસુદ ૫ વસંત પંચમી **રવિવાર તા. ૧૦-૨-૨૦૧૯** યતિશ્રીનો ૭૫મો જન્મોત્સવ અને મહાકાલી દેવી મહાપૂજન ચોવીસમાં વરસની ઉજવણી ભક્તિ ઉત્સવ ભવ્ય રીતે ઉજવાશે સહયોગી દાતા થવા રૂપિયા એક લાખ ચોવીસ હજાર થી આપના નામ યતિશ્રી મુંબઈ, **મુકેશ મૈશેરી,** મુલુંડ હંમેશની જેમ ઉદારતાથી સહભાગી થવા માના ઉત્સવના ૨૪માં વરસને ભવ્યતાથી ઉજવવા **શ્રી મણીકાન્ત ધુલ્લા, શ્રી હંસકુમાર મૈશેરી, શ્રી મુકેશ મૈશરી, મંદિર ટ્રસ્ટ, યતિશ્રી**ની ભાવના છે. દાદા અનંતનાથ, શ્રી મહાકાલી માની કૃપા વરસો. ત્રેવીસ વરસની જેમ યાદગાર રીતે માની ઉજવણી આપના સહયોગ થી થવા પામશે એજ શુભેચ્છા.

**યતિ શ્રી મોતીસાગરશ્રીજી મહારાજ - 9597141414 / 23441929**   **જય જય શ્રી મહાકાલી માતા**

# શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ

ના આંગણે

## શ્રી આદિનાથ જીનાલયની




## ૧૩ મી ધ્વજા રોહણ મહોત્સવ પ્રસંગે

કાયમી ધ્વજાના લાભાર્થી પરિવાર

**માતુશ્રી નવલબેન મણિલાલ દંડ પરિવાર (સેવક ભરૂડિયા - મુલુંડ) દ્વારા**



### તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૧૮ ના રોજ આયોજીત ધ્વજા મહોત્સવની ઝલક



દાદાની ધ્વજારોહણ કરતા પરિવારજનો



રાયણ પગલે ધ્વજા ચઢાવતા મનોજભાઇ-રાજેશભાઇ-મહેન્દ્રભાઇ

શ્રી સેવક ભરૂડીયા મુકામે બિરાજમાન શ્રી આદેશ્વરદાદા જીનાલયનો ૧૩મો ધ્વજા રોહણ પ્રસંગે ગામવાસીઓ, નિયાણી બહેનો, સગાસંબંધીઓ અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં અઢાર અભિષેક અને ૧૭ ભેદી પૂજા સહ બુધવાર તા. ૧૪/૨/૨૦૧૮ રોજ દબદબા પૂર્વક સંપન્ન થયો.

સતત ૧૩ માં વર્ષે મહોત્સવ માટે પરિવારજનો આમંત્રીત મહેમાનો સાથે પધારેલ અને ખુબજ ધામધૂમ પૂર્વક ઉત્સાહ સાથે ધ્વજા રોહણ મહોત્સવની ઉજવણી કરેલ.

પરીવારજનોએ તા. ૧૨/૨/૨૦૧૮ ના રોજ પાલીતાણા યાત્રા કરેલ તેમજ શ્રી જલારામ બાપા અને દડવા મુકામે માશ્રી રાંદલમા ના દર્શન કરી સેવક ભરૂડીયા પધારેલ.

તા. ૧૩/૨/૨૦૧૭ ના રોજ મોડપૂર તિર્થ મધ્યે સેવા પૂજા અને બપોરે સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ. ત્યારબાદ સેવક ભરૂડીયા મુકામે જાહેર પીર દાદાની ધ્વજા અને સચ્ચાઇ માતાના દર્શન-પ્રસાદ સાથે કાર્યક્રમની શરૂઆત થયેલ.

પરિવાર દ્વારા આ પ્રસંગે જામનગર ખાતે કન્યા છાત્રાલયની દિકરીઓ માટે સ્વાદિષ્ટ મિષ્ટ ભોજનનું આયોજન કરવામાં આવેલ તેમજ દરેક દિકરીઓને સુંદર મજાના પર્સની ભેટ આપવામાં આવેલ.

ધ્વજા પ્રસંગે પધારેલ સર્વે ગામવાસિઓ, અતિથીઓ, આમંત્રિત મહેમાનો આપ સૌનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ધાર્મિક પ્રસંગની અનુમોદના કરવા માટે આપ સર્વેનો અમો ખરા હ્રદયથી આભાર માનીએ છીએ. તેમજ આ બે દિવસના કાર્યક્રમ માટે સ્થાનિક સેવક ભરૂડીયા મુકામે કામની જવાબદારી લઇ અને સરસ રીતે નિભાવવા માટે અમો શ્રીમતી ચંદ્રાબેન તેમજ શ્રી અરવિંદભાઇ વીરચંદ દંડના ખૂબ ખૂબ આભારી છીએ. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અમારાથી કોઇનું પણ મન દુભાયુ હોય અથવા સગવડ સાચવવામાં કોઇ ક્યાસ રહી ગઇ હોય તો આપ સર્વેની ક્ષમા માંગીએ છીએ.

**રીત થી વધુ અમારી પ્રિતને અવકારજો, સગવડમાં કોઇ અગવડ થઇ હોય તો મિચ્છામિ દુક્કડમ સ્વીકારજો...**

**આવતા વર્ષે મંગળવાર, તા. ૫/૩/૨૦૧૯ ના રોજ ચિ. પ્રથમ છાયા - પિયુષ મહેન્દ્ર દંડના હસ્તે ધ્વજારોહણ કરવવામાં આવશે. સર્વેને પધારવા અમારૂં અગોતરું આમંણત્ર છે.**

**લી. શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘ તથા**

**માતુશ્રી નવલબેન મણિલાલ પદમશી દંડ પરિવારના સબહુમાન પુર્વક જય જીનેન્દ્ર**

## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરીવાર (સેવક ભરૂડિયા - મુલુંડ) દ્વારા આયોજીત ૧૩ મી ધ્વજા મહોત્સવની ઝલક



શ્રી શીતલનાથ દાદા, શ્રી આદેશ્વર દાદા અને શ્રી શાંતિનાથ દાદા





દાતાશ્રી પરિવારનું ગામવાસીઓ દ્વારા સ્વાગત



દાતા પરિવારના બાળકો



પુજન કરતા પ્રિયા તથા વિરલ દંડ



ચામર ઢાળતા સંગીતાબેન લાપશિયા



પ્રિયંકા, ખુશ્બુ, પ્રિયા તથા અકિરા



પુજન કરતા દાતાશ્રી પરિવાર



પુજન કરતા દાતાશ્રી પરિવાર



ધ્વજાની પ્રદક્ષિણા કરતા પરિવારજનો



મહેન્દ્રભાઇ તથા હેમલતાબેન દંડ



અશોકભાઇ તથા ઉર્મીલાબેન દંડ



રાજેશભાઇ તથા સંગીતાબેન દંડ



નિખિલ, પ્રિયાંક તથા પ્રિયંકા ધુલ્લા



ચિરાગ, ખુશ્બુ તથા અકિરા ધુલ્લા



કિશોરભાઇ તથા સંગીતા લાપશિયા



વિરલ તથા પ્રિયા દંડ



શ્રી રતિલાલભાઇ તથા ધવલ લાપસિયા

## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરીવાર (સેવક ભરૂડિયા - મુલુંડ) દ્વારા આયોજીત ૧૩ મી ધ્વજા મહોત્સવની ઝલક



બંધુ ત્રિપુટી અશોક-રાજેશ-મહેન્દ્ર દંડ



દાતાશ્રી પરિવાર સંગિતાબેન, હેમલતાબેન, ઉર્મિલાબેન તથા સંગિતાબેન



ધ્વજાની પ્રદક્ષિણા કરતા પરિવારના બાળકો



નીશા ધર્મેશ લાપશિયા પરિવાર



ચિ. ધવલ, ચિ. હેમાંશી



લક્ષ્મીચંદભાઇ તથા દિવ્યાબેન સાવલા



વિશનજીભાઇ તથા જયાબેન



મનોજભાઇ તથા કલ્પનાબેન દંડ



કલ્પેશભાઇ તથા કાજલબેન દંડ



મહેન્દ્રભાઇ તથા રમીલાબેન માલદે



વિમલ તથા કંચનબેન દંડ



ધનકુમાર તથા હંશા દંડ



નવીનભાઇ તથા તારાબેન ધુલ્લા



વિજય તથા નીતા લોડાયા



મનોજ તથા પલ્લવી ખોના



સુનીલ તથા જ્યોતી લોડાયા



દાતાશ્રી સાથે આમંત્રિત મહેમાનો



પુષ્પા તથા વિજય વોરા

## કાયમી ધ્વજાના લાભાર્થી માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરીવાર (સેવક ભરૂડિયા - મુલુંડ) દ્વારા આયોજીત ૧૩ મી ધ્વજા મહોત્સવની ઝલક


અરવીંદ તથા ચંદ્રાબેન દંડ


છગનભાઇ તથા ધનબાઇ


નિલેશ તથા ચંદ્રેશ દંડ


ઉત્તમ તથા યોગેશ દંડ


જ્યોત્સનાબેન માલદે તથા સરલાબેન


દિલીપ તથા સ્મિતાબેન દંડ


સતીશ લોડાયા તથા મીનેશ દંડ


ભરત તથા ગીતાબેન ધુલ્લા


કાંતીલાલ ધરમશી તથા અરવિંદ લોડાયા


દામજીભાઇ તથા પુષ્પાબેન


સેવક ભરૂડિયાના નવા ચુંટાયેલા સરપંચ
શ્રીમતી કાજલ કલ્પેશ દંડનું સન્માન






જાહેરપીર દાદાને ધજા


પાલિતાણા મુકામે પરિવારજનો


જાહેરપીર દાદાને ધજા ચઢાવતા પરિવારજનો


અકિરા તથા પ્રિયાંક ધુલ્લા

## આરોગ્ય પ્રકાશ : ફણગાવેલા કઠોળ

– ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

આપણે સૌ કઠોળ વાપરીએ છીએ. મગ, મઠ, ચણા, ચોરા વગેરે જમવામાં વાપરીએ છીએ, પરંતુ એમને ફણગાવીને આમણામાંથી બહુ ઓછા વાપરીએ છીએ. ફણગાવેલા કઠોળ ઘણી રીતે ઉત્તમ છે. ઘણાને ખ્યાલ નહીં હોય કે ફણગાવેલ કઠોળ ફળો જેટલા જ પૌષ્ટિક હોય છે. ફળોની જેમ જ ફણગાવેલા કઠોળ પણ કાચા ખાવામાં કાંઈ વાંધો નથી.

કઠોળને આપણે પાણીમાં ભીંનાવી રાખીએ એટલે એ પાણી ચૂસી એમાંથી ફળગા ફૂટે, મૂળ નીકળે એટલે કે અંકુરિત થાય. અંકુરિત થવાની આ પ્રક્રિયા બી ની અંદરના પાચક રસોના વિકાસ સાથે શરૂ થાય છે. ફણગાવેલા કઠોળની પૌષ્કિકતા આપવા માટે આ પાચક રસોનો ફાળો બેસુમાર છે. ખોરાકની પાચનક્રિયા માટે જરૂરી એવા પાચક રસોનો ભંડાર આ ફણગાવેલા કઠોળમાં હોય છે. આ પાચક રસો ખોરાકમાં રહેલા પ્રોટિનનું એમિનો ઍસિડમાં, જટિલ કાંજી નુ સરળ શર્કરામાં અને ચરબીનું તેના સરળ એકમમાં રૂપાંતર કરવામાં મદદરૂપ બને છે.

ફણગાવેલા કઠોળ સુપાચ્ય છે એમાં વિટામિન 'એ' 'બી' કોમ્પ્લેક્સ, 'સી' 'ડી' ભરપુર હોય છે. પ્રકાશની હાજરીમાં ફણગાવેલા અનાજમાં વિટામિન 'કે' અને 'ઈ' પણ રહેલા હોય છે. એમાં રેષાનું પ્રમાણ પુષ્કળ હોય છે. આ બધા કારણાને લીધે આરોગ્ય માટે ફણગાવેલા કઠોળ શ્રેષ્ઠ છે. વિટામિનની મોંઘી ગોળીઓ ખાવા કરતાં ફણગાવેલા કઠોળ ખાવાથી વિટામિનોની ઉણપ દૂર થાય છે. એમાં રહેલા રેષાને લીધે અનાજનું પાચન થાય છે, પેટ સાફ આવે છે, કોલેસ્ટ્રોલ ઘટે છે, હૃદયની બિમારીઓ, સ્ટ્રોક વગેરે થવાની શક્યતાઓ ઘટે છે. સસ્તો, સહેલો અને ઉપયોગી એવો આ માર્ગ એટલે કે કઠોળ ફણગાવીને નિયમિત ખાવાનો માર્ગ અપનાવવા જેવો છે. રાંધવાની એમા કડાકૂટ નથી તેથી કોઈપણ કરી શકે. જમવામાં કે નાસ્તામાં એનો ઉપયોગ કરી શકાય. ટુંકમાં કહીએ તો દિવસે દિવસે મોંઘા થતા ફળોની જગ્યાએ ફણગાવેલા કઠોળ સૌથી ઉત્તમ છે. જેમને લોહીમાં યુરીક ઍસીડ બધુ હોય એમણે કઠોળ ન લેવા.

એમાં રહેલા વિટામિન 'કે' અને 'ઈ' રક્તના લાલ કણોનું ઝેરી તત્વોથી રક્ષણ કરે છે. ચામડીને તંદુરસ્ત રાખે છે. વિટામિન 'કે' ને લીધે ઘામાંથી લોહી વહેતું ઝડપથી બંધ થાય છે અને લીવરની સામાન્ય રીતે કાર્ય કરવાની પ્રક્રિયા સારી રીતે ચાલે છે. કઠોળમાં રહેલા પ્રોટીન સ્નાયુ, લીગામેન્ટસને મજબુત, વિકસેલા બનાવે છે, વજન વધારવામાં મદદ કરે છે. રેષા, વિટામિનોને લીધે વધુ વજન હોય એ પણ પ્રમાણમાં ખાઈ શકે છે.

દરેક જાતના કઠોળ, દાણાં કે બીયાં ફણગાવી શકાય છે. પરંતુ મગ, મઠ, મેથી, સરસવ, ચણા, વાલ, વટાણા જેવા કઠોળ વધુ લોકપ્રિય છે. ફણગાવેલા કઠોળ ખાવામાં સ્વાદિષ્ટ લાગે છે. કોઈપણ કઠોળ ફણગાવવા હોય તો સારી ગુણવત્તાવાળા કઠોળ પસંદ કરો. કઠોળ કે બીયાંને ૬ થી ૧૦ કલાક સારા પાણીમાં પલાળી રાખો. કેટલાક કઠોળ બીયાંને વધુ સમય સુધી પલાવવા પડ છે ૬ થી ૧૦ કલાક પલાળ્યા પછી પાછા બીયાં ધોઈ વધારાનું પાણી કાઢી તેને ઝીણા કપડામાં બાંધીને એક વાસણમાં ઠાંઠી રાખો. દબાણથી કઠોળ કે અનાજમાં જલ્દી ફણગા ફુટે. કપડાને ભીનુ રાખવા વખતો વખત પાણી છંટકારવું પડે છે. ૧૦ થી ૨૪ કલાક પછી ફણગા ફુટવાના શરૂ થશે. ફણગા ફુટવાનો આધાર ઋતુ પર રહેલો છે. ઉનાળાની ઋતુમાં ફણગા ઝડપથી ફૂટશે. કઠળ બિયાને વધુ સમય લાગે છે. ૬૦ થી ૭૨ કલાક સુધી કઠોળ ફણગાવવામાં આવે તો તેની પૌષ્ટિકતા વધે છે. શિયાળાની ઋતુમાં કુંફાળા પાણીમાં બીયાં ભીંજવવાથી ફણગા ઝડપથી ફુટે છે. પોટલી ખોલીને ફણાગો ન આવેલા બીયા કાઢી નાખો. આ અગત્યનું છે. કારણ કે ફણગો ન આવેલા કઠણ બીયાંને લીધે ફણગાવેલા કઠોળનો સ્વાદ બગડે છે. ફણગા ન ફુટ્યા હોય તે ઘણાં કાઢીને સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ખોરાક ખાઓ.

આજ કાલ પ્લાસ્ટિકના એવા વાસણ મળે છે જેમાં કઠોળ, અનાજ ફણગાવવાથી બાંધવાની વગેરે કડાકૂટ મટે પણ આરોગ્ય માટે પ્લાસ્ટિકનો જેટલો ઉપયોગ ઓછો કરીએ એટલું સારૂ. ફણગાવેલા કઠોળ જેવા આખા અનાજ (હોલ ગ્રેઈન) જે નિયમિત ખાય છે એમને હૃદયના રોગ, દમનું જોખમ ઓછું હોય છે અને બ્લડ પ્રેશર મેઈનટેઈન રહે છે. સ્વાદ માટે એમાં કાંદા, મરચાના ટુકડા, કોથમીર, કોપરું, ટમેટા વગેરે નાખીને ખાઓ કે એમને એમ ખાઈને ઘણી વિમારીઓથી દૂર રહો.

**પ્રકાશ સમીક્ષાનો બેન્ક એકાઉન્ટ નંબર બદલાયો છે.**

પ્રકાશ સમીક્ષાના અરિહંત બેંકમાં ખાતા નંબર અને બ્રાંચનું સ્થળ બદલાયાં છે જેની કૃપયા નોંધ લેશોજી.

For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 004003000002 |
| Name of the Bank | : Shri Arihant Co-op Bank Ltd. |
| Branch | : Chinch Bunder, Mumbai - 400 009. |
| IFSC Code | : ICIC00ARIHT (after ICIC it is zero zero) |
| MICR Code | : 400800005 |
| Name of the Account: | Shri C D O Prakash Samiksha Samiti |

## કચ્છી કસબ - ૧૧૮

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૯ ૨૮૩૮૨





**આડી ચાવીઓ -**

[૧] ઉપરા ઉપરી (૫); [૩] જવું (૨); [૪] વાતાવરણની અશુધ્ધિ (૨); [૫] મગ (૨); [૬] રસ્તામાં આવતા ઉતાર-ચડાવ (૩); [૭] સારા (૩); [૯] આપું (૨); [૧૦] દરિયો (૩); [૧૧] નકટો (૩); [૧૩] સીધી (verticle)(૨); [૧૫] ખૂલ્લો કબાટ (૩); [૧૬] શેખી (૨); [૧૭] ત્રીસ (૧); [૧૮] કામ (૨); [૨૦] જગ્યાની મરામત કરાવવી(૩); [૨૧] સરસ (૨); [૨૩] દડમજલ (૨); [૨૫] પંચાત (૪); [૨૭] નખરા (૪); [૨૯] નાનાબચ્ચાને બાંધવાનું કપડું (૩)

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૧] નિચોડ (૫); [૨] ગાળ (૨); [૩] ઉછેર (૩); [૪] ઝાંપો (૪); [૭] દિવસના ભાગમાં (૩); [૮] મોટેથી બૂમ મારવી (૨); [૧૦] જાડી સ્ત્રી (૨); [૧૨] રાંધવું (૨); [૧૪] વહાલ (૨); [૧૫] કાળજી (૩); [૧૬] મુલતવી રાખવું (૨);

[૧૮] કામનો બોજો (૩); [૧૯] ઓછી સમજવાળું (૨); [૨૦] તડ (૨); [૨૨] પાતળા (૩); [૨૩] લગ્ન પ્રસંગે લાઇન માં બેસાડીને જમાડવું (૩); [૨૪] ઘોંઘાટ (૨);
[૨૫] ઉપાડ (૨) ; [૨૬] ભીંતમાં જડેલો કબાટ (૨); [૨૭] વિશ્રામ (૨); [૨૮] કોળિયો (૨)

## શ્રી કચ્છી જૈન મહિલા મંડળ કલકતા

તા. ૧૮.૧૨.૨૦૧૭ મીના શાહના ઘરે કીટીપાર્ટીનું આયોજન કરવામાં આવેલ. જતાવેત દાડમના જ્યુસથી વેલકમ કરેલ. ત્યારબાદ લંચનું આયોજન કરેલ. લગ્નમાં જાવ છો એવી રીતે તૈયાર થઈને આવવાનું હતું. તેમજ લગ્નગીત અને લગ્ન વિષે બોલવાનું હતું. તૈયાર થવામાં ૧) કેતના શાહ, ૨) ગીતા શાહ, ૧) નયના બુરીયા, ૨) મંજરી વીરાને પ્રાઈઝ મળેલ. લગ્નના થીમ ઉપર હાઉઝી રમાડેલ. ચા-બિસ્કીટ લઈ બધા છૂટા પડ્યા.

તા. ૮.૧.૨૦૧૮ ના રોજ સંઘ તરફથી પિકનીક નું આયોજન કરવામાં આવેલ. બાવરીયા જૂઠ મિલ માં સંઘના મેમ્બર પરિવારમાંથી ૧૨૨ જણે ભાગ લીધેલ. સવારના નાસ્તો, બપોરના જમવાનું, સાંજના કચ્છીભુવન માં જમવાનું રાખેલ. જમણની વ્યવસ્થા ૧) શ્રી માણેકજી લાલજી ખોના, ૨) સમીર રવિલા મારૂએ કરેલ. રમત-ગમતની વ્યવસ્થા શ્રી કચ્છી યુવામંડળના અન્યોએ સંભાળેલ.

તા. ૯.૨.૨૦૧૮ સંઘના સભ્ય શ્રી અરવિંદ છોટાલાલ શાહ ના પરિવાર તરફથી શ્રી સમેતશિખર તીર્થની યાત્રા કરાવવાનું તા. ૯.૨.૨૦૧૮ થી તા. ૧૧.૨.૨૦૧૮ ત્રણ દિવસનું આયોજન કરવામાં આવેલ. સંઘના ૫૧ કુટુંબીજનોએ યાત્રાનો લાભ લીધેલ. સર્વ યાત્રીઓ તરફથી રૂા. ૩૧૦ નું સંઘ પૂજન કરવામાં આવેલ. સર્વ યાત્રીઓએ યાત્રા કરાવવા બદલ હર્ષની લાગણી વ્યક્ત કરેલ. સંઘપતિ શ્રી અરવિંદભાઈ છોટાલાલ શાહનું બહુમાન સંઘના ઉપપ્રમુખ શ્રી જયંત વિસનજી બુરિયાએ કરેલ. સંઘપતિ શ્રી અરવિંદભાઈ છોટાલાલ શાહનું બહુમાન સંઘના ઉપપ્રમુખ શ્રી જયંત વિસનજી બુરિયાએ કરેલ.

તા. ૨૭.૨.૧૮ ના રોજ કચ્છીભુવનમાં ભારતી મણીલાલ લાલકા તરફથી શ્રી શત્રુંજય ભાવયાત્રા રાખવામાં આવેલ. ભારતી લાલકા ૧૦ રૂા. મીરાબેન મોતા ૧૦ રૂા. જયશ્રી ખોના ૧૦ રૂા. બીના શાહ ૫ રૂા. પ્રભાવના કરેલ. નિધી રોનક દંડના લગ્ન નિમીતે ભારતી લાલકા તરફથી મંડળે ૧૦૦૦ રૂા. ભેટ મળેલ છે. નિધી રોનક દંડના લગ્ન નિમીતે મીતા લાલકા તરફથી વુવામંડળને ૧૦૦૦ રૂા. ભેટ મળેલ છે. અલ્પાહાર લઈ બધા છૂટ પડ્યા.

।। શ્રી અજિતનાથાય નમો નમઃ ।।

।। શ્રી વાછરાદાદાય નમો નમઃ ।।



# શ્રી દલતુંગી ગામે વાછરાદાદાનો પ્રતિષ્ઠા મહોત્સવ



શ્રી દલતુંગી ગામે વાછરાદાદાનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉલ્લાસ પૂર્વક ઉજવાયો. મંદિરના લાભાર્થી પરિવાર **માતુશ્રી કંચનબેન (દિપાલીબેન) ગુલાબચંદ ત્રિકમજી નાગડા - રંગપુર** અને **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર, સાંધવવાળાએ શ્રી ગોવિંદજી લાલજી લોડાયા (પટેલ)** - સાંધવવાળાની પ્રેરણાથી લાભ લીધેલ. તા. ૨૧-૦૨-૨૦૧૮ના દાદા દલતુંગી ગામે પ્રવેશ કરેલ, ગામવાસીઓ ખુબ ઉત્સાહ પૂર્વક સામયો કરેલ. બપોરે દાદાની ભવ્યાતિભવ્ય રથ યાત્રા નીકળેલ અને સમસ્ત ગામવાસી અને સર્વે આમંત્રિત મહેમાનો એ ખુબ ઉલ્લાસપૂર્વક લાભ લીધેલ. આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ **માતુશ્રી પૂરબાઈ લખમશી લોડાયા - દલતુંગી પરિવારે** લીધેલ. રાત્રે મહાકાળી માતાજીની ભાવના ત્યારબાદ દાંડિયા રાસનું પ્રોગ્રામ રાખવામાં આવેલ. બહોળી સંખ્યામાં ગામવાસીઓ હાજર રહેલ. ભક્તિ ભાવના માટે મોટી ખાવડીથી મનોજ લોડાયા અને સાથી કલાકારોએ બહુ સરસ રમઝટ જમાવેલ. ગામવાસીઓએ દાતા પરિવારનું બહુમાન કરેલ. તા. ૨૨-૨-૨૦૧૮ના સવારના ૬ કલાકે પ્રતિષ્ઠા મહોત્સવનું વિધિ વિધાન ચાલુ થયેલ. ૮.૧૫ કલાકે શ્રી ગણપતિ બાપા, શ્રી વાછરા દાદા અને શ્રી ક્ષેત્રપાલ દાદાની પ્રતિષ્ઠા થયેલ. દાતા પરિવારે, જાડેજા પરિવારે વિધિ વિધાનમાં લાભ લીધેલ.

દાદાનું ભવ્યતિભવ્ય મંદિર દાતાશ્રી પરિવારે બનાવીને ગામજનોને અર્પણ કરેલ, જૈન જૈનેતર સર્વે સારી સંખ્યામાં હાજર રહેલ. બપોરના પહેડી પ્રસાદનો લાભ શ્રી દલતુંગી ગામવાસીઓ એ લીધેલ. દલતુંગી ગામના અગ્રણીઓ શ્રી મહેન્દ્ર માલદે, સુરેશ લોડાયા, નરેન્દ્ર સિયાલ, વિપુલ માલદે, પરેશ માલદે, કિરણ માલદે, દેવેન્દ્ર માલદે, દિનેશ લાપસીયા, અશોક લાપસીયા, નવીન લાપસીયા, અલ્પેશ લાપસીયા, રતિલાલભાઈ સિયાલ, માજી સરપંચ યોગેન્દ્રસિંહ જાડેજા (પીન્ટુભાઈ), ગામના સરપંચ શ્રી કિશોરસિંહ જાડેજા, રામસંગ બાપુ (રૂદ્રાક્ષવાળા), ગુમાનસીંહ જાડેજા, રણુભા જાડેજા, પ્રવીણસિંહ જાડેજા (રાજાબાપુ) તેમજ જામનગરથી ભીખુબાઈ વારોતરિયા, વિરમભાઈ વકાતર, મનોજભાઈ ખોના, સુનિલ લોડાયા, પ્રકાશ ખોના, રંગપુરથી પંકજ ધરમશી, અશોક લાલકા, દામજી નાગડા, શાંતિલાલ નાગડા, રમેશ નાગડા, પ્રવીણ મુનવર, ભાયચંદ ધરમશી, લહેરચંદ ધરમશી, કિશોર ખોના તેમજ સર્વે ગામજનો, મોડપરથી વિનોદભાઈ ધરમશી, ભરૂડીયાથી કલ્પેશ દંડ તેમજ ગામજનો ગોરખડીથી કાંતિભાઈ ધરમશી, ભાયચંદ ખોના, સચિન ધરમશી તેમજ ગામજનો મોટી ખાવડીથી મહેન્દ્ર લોડાયા, મનોજ લોડાયા, મયુર લોડાયા, કમલેશ લોડાયા, દિનેશ લોડાયા, સમીર લોડાયા, રાજેશ લોડાયા તેમજ ભુવાશ્રી કિરીટ લોડાયા અને ગામજનો, નાની ખાવડીથી કાંતિભાઈ લોડાયા, ધર્મેશ લોડાયા, અભય લોડાયા, મુંબઈથી જયેશ જૈન, વિપુલ પટેલ, ચેતન પીર, નીરવ ઝવેરી, જયેશ લોડાયા, કિરણ દંડ, હેમંત મોતા, ખુશાલ મૈશેરી, મુકેશ દંડ, રાજેશ ધનજી, વિજય મૈશેરી, નલિન મહેતા તેમજ શાંતિજિનના કાર્યકર ભાઈ બહેનો સારી સંખ્યામાં પધારેલ. આજુ બાજુના ગામના સરપંચ તેમજ મહાનુભાવો પધારેલ.

પરેશ માલદે નો બે દિવસના સંપૂર્ણ મહોત્સવમાં સરસ રીતે વ્યવસ્થા કરવા બદલ દાતા પરિવાર તરફથી ખૂબ ખૂબ આભાર. મંદિરને બનાવવામાં સંપૂર્ણ દેખરેખ રાખનાર દેવાતભાઈ આહીરની ખૂબ ખૂબ અનુમોદના.

દલતુંગી ગામે લાપસીયા પરિવારની વાડી તેમજ પ્રવિણભાઈ લાપસીયા અને દિલીપભાઈ લાપસીયાનાં બંગલો જે રહેવા માટે વ્યવસ્થા આપેલ, આમંત્રણને માન આપી દલતુંગી ગામવાસીઓ, મોટી ખાવડી, નાની ખાવડી, ભરૂડીયા, ગોરખડી, રંગપુર, આજુબાજુના ગામોથી તેમજ મુંબઈથી અને કચ્છથી સર્વે મહાનુભાવો પધારીને દાદાની પ્રતિષ્ઠા મહોત્સવને અનેરો બનાવેલ તે બદલ ખુબ ખુબ આભાર.

**લી. શ્રી ગુલાબચંદ ત્રિકમજી નાગડા પરિવાર** - રંગપુર - મુલુંડ (મુંબઈ)

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।　　।। શ્રી નેમનાથાય નમો નમઃ ।।　　।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

શ્રી આર્ય-જય-કલ્યાણ-ગૌતમ-નિધિ-ગુણ-ગુણોદય-કલાપ્રભ-કવીન્દ્ર-વીરભદ્ર-મહોદયસુરી-ગુરૂભ્યો નમઃ

શ્રી મહાદેવી અમ્બિકાયૈ નમઃ શ્રી અચલગચ્છઅધિષ્ઠાયિકા શ્રી મહાકાળીયૈ નમઃ

।। શ્રી રૈવતાચલ નામધરાય શ્રી ગિરનારજી મહાતીર્થ નમો નમઃ ।।

shantijin પ્રસન્નતા...સર્વદા

"શાંતિ-જિન-નેમગિરનાર-ભમલપદમ-સાશ્વત આયંબિલ ઓળી"

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ - મુંબઈ





# માતુશ્રી ભમલબાઈ પદમશી પુંજાબાઈ પીર પરિવાર

**સુથરી (મુલુંડ)**

**આયોજીત**

# ઐતિહાસિક ચૈત્ર માસની સાશ્વત આયંબિલ ઓળી મહોત્સવ ૨૦૧૮

## કાંતાબાના પ્રાંગણે અને ગિરનાર તીર્થે સ્નેહભર્યુ આમંત્રણ

પધારો... પધારો.... ગિરનારની ગોદમાં.... પ્રભુ નેમનાથના સાનિધ્યમાં, ભવોભવની કર્મ નિર્જરા કરવા પધારો.
જય જય ગરવો ગિરનાર, નેમનાથ પ્રભુ શણગાર....

શાશ્વતી આયંબિલ ઓળી આદરી, પંચેન્દ્રિય પર વિજય કરી, ભવોભવની કર્મ નિર્જરા કરી, શ્રીપાલ મયણાં ને સમરીયે ફરી ફરી.

કૃપા વાત્સલ્ય : શાશન સમ્રાટ, રાષ્ટ્રસંત અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.**
આજ્ઞા વાત્સલ્ય : તપચક્રવર્તી સંઘશિરછત્ર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
આશિષ વાત્સલ્ય સાહિત્ય દિવાકર **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.**

સૌભાગ્યવંતિ નિશ્રાદાતા : અજોડ શાસન પ્રભાવક, અખંડ ૧૬મા વરસીતપના તપોનિધી, સુરિમંત્ર મંત્ર પ્રભાવક **પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**

આશિષ વાત્સલ્ય : જ્યોતિષાચાર્ય **પ.પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂરિશ્વરજી મ.સા.** ● આગમાભાષી : **પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** ● પાવન નિશ્રા શ્રમણ ભગવંત : **પ.પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજ મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી કલ્પતરૂસાગરજી મ.સા.** ● શ્રમણી ભગવંત : **પ.પૂ. સાધ્વીજી મુક્તિરત્ના મ.સા., પ.પૂ. સાધ્વીજી સંસ્કારનિધી મ.સા.**

સુશ્રાવક, જ્યાં વિશ્વની સૌથી જૂની પ્રતિમા બિરાજમાન છે, અનંતા તીર્થંકરોની કલ્યાણકભૂમિ છે, ૨૧માં તીર્થંકર શ્રી નેમનાથ દાદાના ૩-૩ કલ્યાણકની ધરા છે તેમજ આવતી ચોવીશી ના ૨૦-૨૦ તીર્થંકરોના કલ્યાણક થશે એવી પાવન ધરા પર દેવગુરૂની અસીમ કૃપાથી ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળીના પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

**આ પાવન પ્રસંગે ગિરનાર તીર્થની ક્ષેત્ર સ્પર્શના, આરાધકોના દર્શનાર્થે, પોતાની આત્માના કલ્યાણાર્થે આપ ભવોભવના કર્મબંધન કાપવા પધારશોજી.**

| ઓળી પ્રારંભ | ઓળી પુર્ણાહુતી | તપસ્વીઓની અનુમોદના | પાવન પારણાં મહોત્સવ |
|---|---|---|---|
| ૨૩-૦૩-૨૦૧૮ | ૩૧-૦૩-૨૦૧૮ | ૩૧-૦૩-૨૦૧૮ | ૦૧-૦૪-૨૦૧૮ |

દરરોજ નવપદના વિવિધ અનુષ્ઠાન સહ મહાપૂજન, સિદ્ધચક્ર આરાધના

વિધિકાર : **જ્યોતિવિંદ કેવલભાઈ વિશનજી સાવલા** ● સંગીતકાર : **કૌશિક બારોટ એન્ડ પાર્ટી**

**આરાધના સ્થળ :** શ્રી કાંતાબા સંકુલ જૈન ધર્મશાળા, ભવનાથ તળેટી, ગિરનાર, જૂનાગઢ

**સર્વે જ્ઞાતિજનો અને આમંત્રિત મહેમાનો ચૈત્રી ઓળીની વિશિષ્ઠ અનુમોદના તેમજ તા. ૩૦-૦૩-૨૦૧૮ના ગિરનાર તીર્થની યાત્રા અને તા. ૩૧-૦૩-૨૦૧૮ના મહાપુજા તથા મહાઆરતીનો લ્હાવો માણવા સમયસર ઉપસ્થિત રહેશોજી.**

લિ. **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ - મુંબઈ** - અધ્યક્ષ - **જયેશ જૈન**, ઉપાધ્યક્ષ - **ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા,**
**માતુશ્રી ભમલબાઈ પદમશી પુંજાભાઈ પીર પરિવાર** - સુથરી (મુલુંડ)

**વિશેષ નોંધ -** દરેક આરાધકોના ફોર્મ પાસ થયેલ છે. આરાધકોને વિશેષ વિનંતી સહિત જણાવવાનું કે પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો લઈ આવવો અને તા. ૨૨-૦૩-૨૦૧૮ના બપોર સુધી આરાધના સ્થળે પહોંચવાનું રહેશે.

# પરમ
શક્તિ સંજીવની સોસાયટી
સખ્ય ■ સાથ ■ સ્નેહ

આયોજીત

**શ્રી લખ-લક્ષ્મી લુઠીયા વિવિધલક્ષી જન સહાયક ફંડ**

પ્રેરિત

**બારે માસ ભરવા લાયક શુધ્ધ અનાજ, મસાલા, સુકવણી, હાથે બનાવેલી ખાદ્ય-વસ્તુઓનું હોલસેલ ભાવે વિતરણ**

**તારીખ :** ૨૧ અને ૨૨ માર્ચ ૨૦૧૮
**સમય :** સવારે ૧૦.૩૦ થી સાંજે ૬ કલાકે
**સ્થળ :** પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.

**ખાસ નોંધ :** થેલી/થેલા સાથે લઈ આવવાનું ભૂલશો નહિ.

## કચ્છ કોઠારા સ્થાને નમતા મૈશેરી પરિવારની ૧૦મી પહેડી

કચ્છ કોઠારા સ્થાને મૈશેરીકૂળ રખવાલી માઁ ચામુંડાને નમતા પરિવારજનોને દશમી પહેડીએ નિયાણીઓ સહ સપ્રેમ નિમંત્રણ. આ વરસે સળંગ દશમી પહેડીએ પ્રસાદ ધરાવવાનો અને કૂળ પરિવારોને સ્વામી ભક્તિ કરાવવાનો લાખેણો લાભ **માતુશ્રી મીઠીબાઈ ખીમજી મૈશેરી** તથા **માતુશ્રી તિલકબાઈ કલ્યાણજી મૈશેરી પરિવારે** લીધેલ છે.

**રવિવાર તા. ૨૦-૫-૨૦૧૮ સ્થળ : જીવરાજ ભાણજી હોલ**
**સવારના ૯.૦૦ થી ૨.૩૦ કલાકે**

લી. **માઁ ચામુંડા પહેડી પ્રસાદ કમીટી**

## લગ્ન સંબંધી

૧૯૮૭ બોર્ન, 4"11, 50 Kg, B.Com, કેડીઓ, બેંક જૉબ, કુંવારી કન્યાને ભણેલા, વેલ સેટલ, મુંબઈ રહેતા, કુંવારા યુવકો (હાઈટ ૫ ફીટ થી ૫.૬ફીટ ફક્ત)ના વડીલો સંપર્ક કરે. **બાયોડેટા વ્હૉટસએપ નં. ૯૮૧૯૩૧૬૨૬૮ પર મોકલવો.**

## KDO Midtown Sangh:

Sale of Best Quality Cleaned Masalas on Sunday 18.3.2018 Betw. 11 and 1 AM at Gr. Fr. Flat No.1, Viram Mansion, Next Matunga Derasar. **Khammaben Nagda - 9324013680**



## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ - ૩૭૦૬૪૦.**

### દાન સહાયતા માટે વિજ્ઞપ્તિ

શ્રી જખૌ પાંજરાપોળમાં હાલ ૧૯૪ ઢોર આશ્રય લઈ રહ્યા છે. તેમની ખાદ્યા ખોરાક, ઘાસચારા, સારવાર ડોક્ટરી, દવા આદિ, પગાર, વગેરેનો વાર્ષિક નિભાવ ખર્ચ રૂા. ૩૮ લાખ થી અધિક છે જે જીવદયા પ્રેમી ઉદાર દિલ દાતા, સંઘ, સંસ્થાઓ, ટ્રસ્ટના દાન સહાયથી પૂરૂં થાય છે. વાર્ષિક સહાયતા યોજના ૨૦૧૮ આ વિશેષ દાન યોજના અન્વયે દર મહિનાના રૂા. ૧,૦૦૦/-લેખે જાન્યુઆરી-ડીસેમ્બર ૧૨ મહિનાનું કુલ રૂા. ૧૨,૦૦૦/-નું દાન દાતા એકસાથે /હપ્તાથી/માસિક ચૂકવી શકશે.

વર્ષના અંતે દાતાના નામ એકવર્ષ સુધી (૨૦૧૯) બોર્ડ ઉપર લખવામાં આવશે. યોજના મુજબ નીચેના ચાર દાતા દરેકે રૂા. ૧૨,૦૦૦/-નું દાન આપેલ છે. ધન્યવાદ. **૧) શ્રી શત્રુંજય જયતળેટી ગુણ ગુણોદય સિનિયર, ૨) સિટીઝન ૯૯ યાત્રા નિમિત્તે ૩) માતુશ્રી મણીબાઈ ખેતશી નાગડા મુંબઈ હસ્તે તરૂણાબેન જવેરચંદ લોડાયા, મુંબઈ, ૪) શ્રી ખેતસી કુંવરજી નાગડા, મુંબઈ હસ્તે તરૂણાબેન જવેરચંદ લોડાયા, મુંબઈ.**

નીચે મુજબ દાતાઓએ અન્ય દાન આપેલ છે. **૧) શેઠ શ્રી શામજી ભવાનજી જવેરી તરફથી રૂા. ૪૩,૫૦૦/- કિંમતનો ૫૦ ગુણી ભુસો, ૨) રૂા. ૧૦,૦૦૦/- શેઠ શ્રી હઠીસિંહ કેશરીસિંહ ટ્રસ્ટ, અમદાવાદ, ૩) રૂા. ૫૦૦૦/- શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ, ડોંબિવલી, ૪) રૂા. ૫૦૦૦/- શ્રી દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મસ્થાનક, ચીંચપોકલી,મુંબઈ, ૫) રૂા. ૫૦૦૦/- શ્રી પંકજ પાશ્વીર શાહ (લુઠીયા), રંગપુર, શીવ, મુંબઈ**

**દાતાઓનો ખૂબ ખૂબ આભાર**

દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે. **Banking Details :**

**Name : Sri Jakhau Panjrapol Trust & Gaushala**

**Dena Bank,** Mulund (W) Branch,
M.G. Road, Mulund West. Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652 IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank,** Naliya Branch. Kutch
A/c # 107110001096 IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ - થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**તા.ક.: ઑડિટ રિમાર્કના કારણે શ્રી અરિહંત બેંકનું એકાઉન્ટન્ટ બંધ કરેલ છે.**

**સમાચાર સંકલન** — સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલનું રાજીનામું

આધારભૂત સ્ત્રોતો દ્વારા જાણવા મળ્યું છે કે શ્રી સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મેઘજી મોતાએ ટ્રસ્ટ બોર્ડના ટ્રસ્ટીપદેથી અને તે રીતે સેક્રેટરી જનરલના પદ ઉપરથી પણ રાજીનામું આપ્યુ છે. જે બાબત પર ટ્રસ્ટ બોર્ડની આગામી ૨૫ માર્ચની સભામાં નિર્ણય લેવાની સંભાવના છે.

### શ્રી શ્વેતાંબર જૈન સંઘ – ખિરકીયા

શ્રી નમિનાથ ભગવાનની શીતલ છાયામાં તથા ખતરગચ્છના પૂજ્ય સાધ્વી શ્રી પ્રજ્ઞાશ્રીજી મ.સા.ની શુભનિશ્રામાં ધ્વજા મહોત્સવ મહા વદી તેરસના દિવસે ધામધૂમથી ઉજવાયો. ૧૨-૨ના અભિષેક રાખવામાં આવેલ. અભિષેક દરમિયાન સૂર્ય દર્શન કરાવવાનો લાભ કુમારી વેનિશા પરાગ પોલડીયા, જાલના પરિવારે તથા ચંદ્ર દર્શન કરાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી વેરશી નાગડા પરિવારે લીધો. શ્રી શાંતિકળશ નો લાભ શ્રી ગિરીશ મણિલાલ નાગડા પરિવારે તેમજ અષ્ટપ્રકારી પૂજાના લાભ વેરશી વેલજી નાગડા પરિવારે લીધો. ૧૩-૨ના દિવસે સત્તરભેદી પૂજા ભણાવવામાં આવેલ. પૂજા દરમિયાન ધ્વજા ચડાવવાનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ ભવાનજી વેરશી નાગડા પરિવારે લીધો ઢોલ, શરણાઇ ના સૂરો અને ઘંટાનાદ, શાસ્ત્રોક્ત ઉચ્ચારો વચ્ચે શિખર ઉપર ધ્વજારોહણ કરવામાં આવેલ. શાંતિકળશ નો ચઢાવો શ્રી ચંદુલાલ શિવજી નાગડા પરિવારે લીધો.

રાત્રે ભક્તિ ભાવના રાખવામાં આવેલ તથા બંને દિવસે પ્રભુની સુંદર અંગરચના કરવામાં આવેલ. વિધિવિધાન માટે વિધિકાર સંજયભાઈ કાકરેચા પધાર્યા હતા.

### શ્રી આદીનાથ જિનાલય – અનંતસિદ્ધિ, ભાંડુપ

શ્રી આદીનાથ જિનાયલ અનંતસિદ્ધિ ભાંડુપ પરિસરના ક્ષેત્રરક્ષક શ્રી શ્રેત્રપાલ દાદાને દર વર્ષની જેમ સૌ ભાવિકો વતીથી ગુડીપાડવા ૧૮-૩-૨૦૧૮ના સવારના ૧૦ વાગે પહેડી પ્રસાદ જુહારવામાં આવશે.

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ

મહાજન દ્વારા અવિરત યોજાતા સમુહ લગ્નના આયોજનનો ૭૮ મો સમૂહ લગ્ન તા. ૦૪.૦૩.૨૦૧૮ ને રવિવારના શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંત સિદ્ધિ, એલ. બી. એસ. રોડ, ભાંડુપ ખાતે બપોરે ૧૧.૫૦ કલાકે સામૈયું તેમજ ૧૨.૩૯ ના વિજય મુહર્તે શ્રી મોહન મહરાજ દ્વારા વિધિ વિધાનથી રૂડી રીતે ઉજવાયો. જ્ઞાતિના ઉદાર દિલ દાતા સંઘમાતા માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત હંસરાજ લોડાયા, વારાપધર-વાપી પરિવાર, માતુશ્રી વેલબાઈ પદમશી માડણ લોડાયા – કુઆપધર-બોરીવલી પરિવાર તેમજ માતુશ્રી મણીબાઈ ખેતશી લધાભાઈ મોમાયા, સાંયરા પરિવારોનો આધાર સ્તંભ દાતાશ્રી પરિવાર તરીકે જોડાઈ પીઠબળ મળ્યો.

મહાજનશ્રી આયોજિત સમૂહ લગ્નમાં જોડાનાર પરિવાર તેમજ ઉલ્લાસિત હૃદયે જ્ઞાતિ કુટુંબો જેમણે ભેટ સોગાદનો વરસાદ વરસાવી જેથી ૧૦૦ થી ઉપર વિવિધ વસ્તુઓ નવયુગલને અર્પણ કરી શકાઈ. મહેંદી તથા શૃંગારની નિઃશુલ્ક સેવા આપનાર જ્ઞાતિ ભાઈ-બહેનોની ભૂરી-ભૂરી અનુમોદના સાથેજ ફાટોગ્રાફર શ્રી તિલકભાઈ લોડાયા અને ભાવતા ભોજનિયા માટે ફાઈવ સ્ટાર કેટરર્સ ની અનુમોદના.

આ શુભ પ્રસંગે ઉલ્લાસિત વાતાવરણથી પ્રેરાઈને મહાજનશ્રીની પંચવર્ષીય યોજનામાં નવા દાતા ઉમેરાયા

૧) સુવર્ણ દાતા : માતુશ્રી કનકપ્રભા સોમચંદ ખેતશી કુરૂવા (ગોધરા/કામોઠે) હસ્તે યોગેશ સોમચંદ કુરૂવા. ૨) રજત દાતા : માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડિયા/માટુંગા) હસ્તે હસુમતીબેન હીરાલાલ ડાઘા ૩)કાંસ્ય દાતા : માતુશ્રી નેણબાઈ હીરજી ખીયશી લોડાયા (મંજલ/ડોંબિવલી) હસ્તે ગીતાબેન રમેશ હીરજી લોડાયા ૪)કાંસ્ય દાતા : માતુશ્રી ચંદનબેન ડુંગરશી કુંવરજી ધરમશી (સુથરી/ડોંબિવલી) હસ્તે આરતી અતુલ ધરમશી ૫)કાંસ્ય દાતા : દેવશી ખીયરાજ જીવાણી (મુનવર) (જખૌ/ડોંબિવલી) હસ્તે સ્મિતા રાયચંદ જીવાણી

નવયુગલના સંબંધિઓ તથા આમંત્રિત ૫૫૦

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ
**અવસર સારીઝ**
* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ
૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી નવયુગલને ઉમળકાભેર સુખી દાંપત્ય જીવન માટે આશીર્વાદ આપી શુભ ભાવના પ્રગટ કરી. સમૂહ લગ્નના સર્વે સભ્યો, કન્વીનરો તથા સેવા આપનાર સર્વે ભાઈ બહેનોની ત્રિવિધે ત્રિવિધે અનુમોદના-અનુમોદના.

**શ્રી કચ્છી દશા ઓશવાલ મહાજન, કોચીન**

૧૧.૨.૧૮ના આપણી જ્ઞાતીના પ્રખ્યાત શીઘ્ર કવી અને કોમોડીટી એક્સપર્ટ શ્રી પ્રેમચંદભાઈ માલશી મોતા, જેમણે દસ વર્ષની ઉમરમાં સાબુ માટે જીંગલ અને 'હમ દો હમારે દો' સ્લોગન લખ્યું છે, તેવો કલકત્તાથી પધાર્યા હતા. તેમણે દુનિયાની ઘણી પ્રસિદ્ધ હસ્તીઓ માટે કવિતાઓ લખી છે. એમના અનુભવો અને માર્ગદર્શન નો લાભ યુવાવર્ગને મળે તે માટે 'ચાય પે ચર્ચા' કાર્યક્રમ યોજાયો હતો.

કચ્છ યુવક સંઘ મુંબઈના દક્ષીણ ભારતનાં પ્રવાસમાં 'નમે જનાર, ત થીયે બેડો પાર' એ કચ્છી નાટક ભજવવામાં આવ્યું હતું. જે માં નારી શક્તિ ને બીરદાવ્યી છે. દિગ્દર્શક શ્રી વસંત મારૂ અને શ્રી વિજય ગાલા હતા. કચ્છી યુવા કલાકારોના અભિનયથી આપણી મેંઠી ભાષા ને સંસ્કૃતી ને જાળવવાનો પ્રયાસ બહુ સરસ રીતે રજુ કર્યો હતો. પ્રમુખ શ્રી કિશોરભાઈ કુરૂવા એ મહાજન વતી શુભેચ્છા કવર ભેટ કર્યો હતો. વતન થી દૂર વસતાં ભાટીયા, લોહાણા સમગ્ર કચ્છી ભાષી પ્રજાએ નાટક માણ્યું હતું.

**શ્રી વરાડીયા જૈન દેરાસર તથા મહાજન**

શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડસ, ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬-૧-૨૦૧૮ના મુલુંડ ખાતે મળેલ. ધોરણ ૧૨ પછી ઉચ્ચ અભ્યાસ માટે વરાડીયાના જ્ઞાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ લોન સહાય આપવામાં આવે છે. સં ૨૦૭૪ને શ્રાવણ સુદ પાંચમના શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયની ૧૧૬મી ધ્વજા ચડાવવાનો લાભ વરાડીયાની નિયાણી બહેનોએ લીધેલ છે. આગલા દિવસે પ્રભુજીના ૧૮ અભિષેક થશે. કુતરાને રોટલા તથા પક્ષીઓને ચણની જીવદયાનો જાન્યુઆરી થી જુન - ૧૮ સુધીનો લાભ સૌ મધુબેન લહેરચંદ રતનશી ડાઘા - ભાંડુપ પરિવારે તથા જુલાઈથી ડીસેમ્બર - ૧૮નો લાભ શ્રી શાંતિલાલ કુંવરજી મોમાયા (પટેલ) પરિવારે લીધેલ છે. વરાડીયામાં કાયમી ધોરણે ભોજનશાળા તથા અતિથિગૃહની વ્યવસ્થા છે.

**જૈન સોશ્યલ ગ્રુપ મુલુંડ - મેઈન**



૨૬૭ જેટલી બ્રાંચ ધરાવતા જૈન સોશ્યલ ગ્રુપની મુલુંડ મેઈન બ્રાંચના પ્રમુખ તરીકે શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી (જખૌ) નિયુક્ત થયા છે.

**પુણે સખી વૃંદ મહિલા મંડળ (SVMM)**



સખી વૃંદ મહિલા મંડળ ના સિલ્વર જ્યુબિલિ વર્ષ ની બીજી મિટિંગ લીધી કોમલબેન કલ્પેશ ધરમશીએ. એક સન્નાર ના એસેસ્સરિસ ની સૌથી મહત્વની વસ્તુ એટલે પર્સ, કે જે સાથે ના હોય તો તે નારીને પોતાની કંઇક મહત્વની વસ્તુ ખૂટતી હોય એવું લાગે. આવી સખીઓ ની મનગમતી વસ્તુ શિખવાડી કોમલબેન એ. અને સૌથી સરસ વાત એ હતી કે ક્યાંય પણ સીવ્યા વગર પણ આ પર્સેસ બનાવી શકાય. તેમણે ખુબજ અલગ અલગ પ્રકારની પર્સ બનાવતા શિખવાડી જેમકે : બટવા બૅગ, પોટલી બૅગ, ટોટ બૅગ, જપનેસ બૅગ, ડેમોન્સ્ટ્રેટ કરી CLUTCH બૅગ, જિન્સ બૅગ અને પેપર બૅગ. એમાંથી લાગવગ બૅગ કે પર્સ જુના કપડાંમાંથી કે વધેલા કપડાં માંથી બનાવી શકાય તેવી હતી, જેથી બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ અને છીગજીી નો પણ સરસ દાખલો હતો. ઘર નું ડેકોરેશન થીમ ક્રિસ્મસ ના હિસાબે કર્યું હતું અને કોમલબેન સાન્ટા બનીને આવ્યા હતા. કોમલબેનની મિટિંગ પછી સખી વૃંદ મહિલા મંડળને રેજિસ્ટર કરાવવા માટે તેનો ડ્રાફ્ટ પાસ કરવા માટે ખાસ જનરલ બોડી મિટિંગ બોલાવવા માં આવેલ જેમાં ૩૨ બહેનોએ રજીસ્ટ્રેશન ના ડ્રાફ્ટ ને સર્વ સમંતિ આપેલ. ડ્રાફ્ટ સૌ સમક્ષ સેક્રેટરી મીતા પ્રશાંત લાલકા એ વાંચી સંભળાવેલ. પ્રમુખ શ્રી પુષ્પાબેન માણેકજી લોડાયા તથા કમિટી મેમ્બર્સ એ જે કંઈ પ્રશ્નો પુછ્યા હતા તેના ખુલાસા આપેલ.

**ક્ષતિ સુધાર**

૧) પ્રકાશ સમીક્ષાના અંક નં. ૧૦માં 'આપણી જ્ઞાતિની જન સંખ્યા ઓછી થશે ? શીર્ષક હેઠળ પ્રગટ થયેલ લેખના લેખક રમેશ (કુંવરજી) મેઘજી મોતા છે.

૨) અંક નં. ૮માં પાના નં. ૨૦ ઉપર ''કોઠારામાં જોવા જેવો હતો નિયાણીઓનો સંઘ'' અહેવાલમાં પ્રભાવના રાજુલાબેન હિરેન વિકમશી અને ઉર્વશી આદિશ ખોના તરફથી થયેલ એમ સુધારીને વાંચવું.


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ઈંદ્રકુમાર શામજી ધરમશી** (PS 1798) | 62 B, ઐશ્વર્યા ટાવર, ગૌશાલા રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. |
| **હિમ્મત દામજી લાપસીયા** (PS 3651) | A/5, તરંગ કો.હા.સો., છેડા ક્રોસ રોડ, એસ. વી. જોશી સ્કુલની પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ)-૪૨૧ ૨૦૧. મો.: ૦૯૮૧૯૮ ૮૬૩૧૯, ૦૯૯૨૦૦ ૫૦૫૪૨ |
| **વિજય લાલજી શાહ (ગાલા)** (PS 6736) | રાધાકૃષ્ણ નગર, પ્લોટ નં. ૭, સુનીલ હેઅર આર્ટ પાસે, જલગામ - ૪૨૫ ૦૦૧. મો. : ૦૯૪૨૦૭ ૮૯૨૬૦, ૦૯૪૨૧૫ ૯૮૯૭૯ |

## જીવનચક્ર

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૨-૧૮ | નાસિક | હર્ષવર્ધન નરેશ ઈશ્વરચંદ લોડાયા | વારાપધર | ૨૯ |
| | મુલુંડ | નિયતી નિતીન રૂપશી ખોના | મોટી ખાવડી | ૨૭ |
| ૧૭-૦૨-૧૮ | ડોમ્બીવલી | નયન પદમશી મેઘજી લોડાયા | નલિયા | ૨૮ |
| | મલાડ | ઉર્વી હરેશ ગોવિંદજી ધુલ્લા | બાંઢીયા | ૨૫ |
| ૦૬-૦૩-૧૮ | ડોમ્બીવલી | વિરલ હિતેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા | મોટી ખાવડી | ૨૭ |
| | ડોમ્બીવલી | એકતા દિનેશ શામજી માલદે | દલતુંગી | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૩-૧૮ | સાંગલી | મયંક દિલીપ ઉમરશી દેઢીયા | શેરડી | ૩૦ |
| | સાંગલી | કિંજલ (જીલ) ગિરીશ હીરાચંદ નાગડા (શાહ) | જખૌ | ૨૫ |
| ૦૫-૦૩-૧૮ | ડોમ્બીવલી | ધર્મેશ કુલીન લખમશી લાપસીયા | કોઠારા | ૨૬ |
| | નાલાસોપારા | બીજલ ગિરીશ દામજી મોતા | દુર્ગાપુર | ૨૦ |

### જ્ઞાતિ સગપણ છૂટા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૦૨-૧૮ | ડોમ્બીવલી | મનીષ પંકજ વેલજી ગાલા | મંજલ રેલડીયા | ૩૦ |
| | ડોમ્બીવલી | ખુશ્બુ તિલક ગોવિંદજી પોલડીયા | ગોએરસમા | ૩૦ |

### આંતરજ્ઞાતિય લગ્ન (૭૮મો સમુહ લગ્નમાં)

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૩-૧૮ | ડોમ્બીવલી | પ્રિતેશ જયંતિલાલ ખીમજી ધરમશી | સેવક ભરૂડીયા | ૩૦ |
| | માહલક્ષ્મી | હેતલ મનસુખભાઈ ટીકાભાઈ સોલંકી | પાલીતાણા | ૨૬ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૨-૧૮ | પૂના | અલ્પેશ રૂપશીભાઈ ગાલા | હલરા | ૩૨ |
| | સાંગલી | દર્શિકા અશ્વિનભાઈ કુરૂવા | ગોધરા | ૩૦ |

### લગ્ન છૂટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૧૧-૧૭ | મુલુંડ | કૌતુક પંકજ નરશી ધરમશી | નલિયા | ૩૦ |
| | અમદાવાદ | મયુરી વિશનજી કેશવજી મોતા | લાખણીયા | ૩૦ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૩-૦૩-૧૮ | બારોઈ | મણીબાઈ ગોવિંદજી શામજી પોલડીયા | ગોએરસમા | ૭૭ |
| ૦૩-૦૩-૧૮ | તેરા | લક્ષ્મીબેન વેલજી લોડાયા | તેરા | ૮૩ |
| ૦૩-૦૩-૧૮ | ડોમ્બીવલી | લતાબેન શાંતિલાલ લોડાયા | જખૌ | ૬૫ |
| ૦૪-૦૩-૧૮ | ભાંડુપ | વિજય લઘુભાઈ લોડાયા | વારાપધર | ૭૧ |
| ૦૫-૦૩-૧૮ | અમદાવાદ | અનુપચંદ કેશવજી નાગડા | નલિયા | ૮૧ |
| ૦૬-૦૩-૧૮ | ધુલિયા | જયાબાઈ ઠાકરશી ગોશર | ગોએરસમા | ૯૨ |
| ૦૭-૦૩-૧૮ | આંતરજાલ | નરેન્દ્ર જીવરાજ મોમાયા | નલિયા | ૭૧ |
| ૦૮-૦૩-૧૮ | કોચીન | રમેશચંદ્ર નરશી ધરમશી (કાથાવાલા) | ગોરખડી/નાગેરકોલી | ૭૧ |



MUMBAI
WEDDING CARD COMPANY
SIDDHESH BRID
9820121929
TARACHAND DHARAMSHI
(GREET & WED WALE)
9833813717
9322109440
CUSTOMIZED DESIGNER INVITES & GIFTING SOLUTIONS
• WEDDING INVITATION CARD
• BIRTHDAY INVITATION CARD
• INAUGURATION INVITATION CARD
• BABY SHOWER INVITATION CARD
• BOX INVITATION CARD
• SCROLL INVITATION
• CHOCOLATE BOX / SWEET BOX
• PAPER GIFT BAG AND MUCH MORE
85, Meghdoot Chambers, Modi Street, Near Printhub, Fort, Mumbai 400 001.
Tel. : 022 2262 5555 / 2263 5555
Email : mumbaiweddingcard@gmail.com

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (12-03-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

## પ્રથમ માસિક પુણ્યતિથિ

### શ્રધ્ધાંજલિ... આદરાંજલિ... સ્મરણાંજલિ

**આદરણીય વડીલ - શૈક્ષણિક ક્ષેત્રના પિતામહ**



## વડીલ શ્રી શીવજીભાઈ કુંવરજીભાઈ વિકમશી

રાણપુર - પરેલ

જન્મ : તા. ૨૫-૦૫-૧૯૨૭
અરિહંત શરણ : તા. ૧૫-૦૨-૨૦૧૮

જીવન આપનું પ્રેરણાવંત,
પુરા થયા ઋણાનુબંધ,
નિ:સ્વાર્થભાવી સેવા સંત,
નાના મોટા સૌના મન ભાવ્યા,
એવા અમારા વડીલ ગુમાવ્યા.

**લિ. ટ્રસ્ટીગણ**
**શ્રી રાણપર મહાજન, રાણપર**

## કચ્છ અબડાસા મેં બાંડિયા ગામ
## સ્વ. વેજબાઈ કુંવરજી લાલકા જા સુપુત્ર
## "રાજેન્દ્ર" જે જો નામ

**કમ ક્યા સમાજ સેવા, જ્ઞાતિ સેવા, ઈતર જ્ઞાતિ જા તડેં**
**રાજેન્દ્ર ઓળખાણા "રાજાભા" જે નામ**



જન્મ :
તા. ૨૭-૮-૧૯૬૦

અરિહંત શરણ :
તા. ૨૧-૨-૨૦૧૮

**સ્વ. શ્રી રાજેન્દ્ર કુંવરજી હિરજી લાલકા (બાંડિયા-નેત્રા)**

નેત્રા થી રોજ બાંડિયા અચેં વિમલનાથ દાદા તેં તિલક કરીએં
હનુમાનજી શંકર ભગવાન જે મંધર તે વને
પોય કરીએં પંઢ જે ધંધે જી શરૂઆત
વિમલનાથ જે દરબાર મે અર્પણ ક્યાં પોઠિયો ચાંદી જો ને
ઉપાસરે જો કરાયાં નવનિર્માણ
માતા પિતા જી ધરમ ભાવના કે કરાયાં યાદગાર
બાંડિયા ગામ મે ૨ આચાર્ય જા પગલાં કરાયાં
બાંડિયા ગામ ગ્યાનતી જને જે સાથ સહકાર સે
ત્રીહાંનિકા મહોત્સવ ભનાયા યાદગારને
જ્ઞાતિજને જે વાડે મે ભગીચા ભનાયાં લાટ
વારાપધર ગામ મે લાલકા પરિવારજી સમૂહ પેડીજી
કરાયાં શરૂઆત ૮મી પેડી થિયે તી યાદગાર
કચ્છ એકમ મે સમૂહ લગ્ન જા દાતા જો ગણાં લાભ
વીરેન્દ્ર ભા કે દવાખાનું ગામ મેં ભનાયલા દના સાથ
વિજયાબાઈ રતિલાલ લોડાયા અતિથિ ઘર ભનાયજી
જવાબદારીજો ઉપાડયાં ભાર, ફક્ત છ મેણેમે ભનાયાં લાટ
ગુલાબચંદ લાલજી લાલકાજી ઇચ્છાસે
હનુમાનજી જે મંદિર જો પણ કર્યાં જિર્ણોધ્ધાર
એડા ત કઇક કમ ક્યાં નજર લમી કરે તું નયાર
પંઢ જી તબિયત જો ન ક્યાં વિચાર
કર્મવીર સેવા ભાવિ રાજા ભા જે કરેલે કાર્યો કે
બાંડિયા ગામ બાંડિયા જ્ઞાતિજન હમેશા રખંધા યાદ

**પ્રભુ એનીજી આત્મા કે પરમ શાંતિ દે,**
**વિમલનાથ દાદા કે વિનંતી વારંવાર**

લી. **શ્રી બાંડિયા મહાજન ને બાંડિયા મિત્ર મંડળ**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,